**તેજી હોય કે પછી મંદી,**
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક
પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને
તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી
સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી **ઇકોનોમિક રેવલ્યૂશન**
**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.com
www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad (Gujarat)
પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦
અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક
Reg. under RNI NO. GUJGUJ/2012/48123
નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

NIRMAL METRO
દૈનિક

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com

● વર્ષ : ૧ ● અંક : ૧૩૦ ● તા.૨૯.૦૫.૨૦૧૩, બુધવાર ● વૈશાખ વદ ૦૫ ● સં. ૨૦૬૯ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# ભાજપ નેતૃત્વ સામે બાંયો ચઢાવનાર રામ જેઠમલાણી પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ

**રામ જેઠમલાણીએ એકથી વધુ એક વખત પક્ષના નેતૃત્વ સામે પ્રશ્નનો ઉભા કર્યા છે અને વિવાદોને જન્મ આપ્યા : પક્ષની વિરૂધ્ધમાં નિવેદનો નહીં કરવા ચેતવણી પણ આપવામાં આવી હતી**

**નવીદિલ્હી, તા. ૨૮**

ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદનાં ઉમેદવાર તરીકે ટેકો આપનાર બોલકા નેતા અને જાણીતા ધારાશાસ્ત્રી રામ જેઠમલાણીને તેમની નિવેદનબાજીને કારણે પક્ષે છ વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય શિસ્ત સમિતિ દ્વારા લેવાયો હતો.

ભાજપનાં રાજ્યસભાના સાંસદ અને બોલકા નેતા એવા રામ જેઠમલાણીને પક્ષે અંતે છ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા છે.. ભાજપની સંસદિય સમિતિ દ્વારા આ નિર્ણય લેવાયો હતો. જેઠમલાણી સામે શિસ્તભંગ કરવાનો આરોપ મુકાયો છે. ભાજપમાં નરેન્દ્ર મોદીના કટ્ટર સમર્થક મનાતા રામ જેઠમલાણીને પક્ષમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય ભાજપની સંસદિય સમિતિએ લીધો હતો.ભાજપના સુત્રોના જણાવ્યા અનુસાર રામ જેઠમલાણીએ એકથી વધુ એક વખત પક્ષના નેતૃત્વ સામે પ્રશ્નનો ઉભા કર્યા છે અને વિવાદોને જન્મ આપ્યો છે. તેમને પક્ષની વિરૂધ્ધમાં નિવેદનો નહીં કરવા ચેતવણી પણ આપવામાં આવી હતી આમ છતાં તેમણે પોતાના નિવેદનો ચાલુ રાખ્યા



હતાં. પરિણામે તેમની હકાલપટ્ટી કરવામાં આવી છે.

અટલ બિહારી વાજપાયીની નેતૃત્વવાળી એનડીએ સરકારમાં કાયદામંત્રી રહી ચુકેલા રામ જેઠમલાણી હાલમાં રાજ્યસભાના સભ્ય છે અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કટ્ટર સમર્થક મનાય છે.રામ જેઠમલાણીએ અગાઉ નીતિન ગડકરીના નેતૃત્વ સામે વાંધો ઉઠાવ્યો હતો અને ત્યારબાદ તાજેતરમાં રાજનાથસિંઘ સામે પણ નિવેદન કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે ભાજપ સંસદમાં સરકારને ઘેરવામાં નિષ્ફળ ગઈ છે અને આ માટે પક્ષનું નેતૃત્વ જવાબદાર છે. આગામી ૭મી જૂનથી ત્રણ દિવસ માટે ગોવામાં ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળી રહી છે તે પૂર્વે જ રામ જેઠમલાણીને સસ્પેન્ડ કરી નાખવામાં આવ્યા છે. પક્ષના કેટલાક નેતાઓને એવી ભિતી હતી કે રામ જેઠમલાણી રાષ્ટ્રીય કારોબારીમાં પણ પક્ષનો ફજેતો કરી શકે છે.રામ જેઠમલાણીને અંતે પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરી નાખવામાં આવતા પક્ષમાં આજે આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

## રાહુલ ગાંધી જુનમાં ગુજરાતની મુલાકાત લે તેવી શકયતા

**પેટાચૂંટણી પત્યા બાદ ફરીથી રાહુલ ગાંધીનો કાર્યક્રમ ગોઠવાશે અને જૂનના અંત સુધીમાં તેઓ ચોક્કસ અમદાવાદની મુલાકાતે આવશે**

**અમદાવાદ, તા. ૨૮**



પેટાચૂંટણીની જાહેરાતથી રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાત કમસેકમ એક મહિનો પાછી ઠેલાઈ છે. હવે રાહુલ ગાંધી જૂનના અંત સુધીમાં ગુજરાત આવશે તેમ આધારભૂત વર્તુળો પાસેથી જાણવા મળ્યું છે.

ગુજરાત કોંગ્રેસના સૂત્રો કહે છે, હાલમાં ગાંધીનગરમાં કોંગ્રેસની સત્તા ન હોવા છતા અહી પક્ષમાં જુથવાદ સૌથી વધારે વકર્યો છે અને ગુજરાતની વિધાનસભા ચુંટણી અને ત્યારબાદ પણ આ કારણોસર કેટલાક નેતાઓએ પક્ષ છોડ્યો છે અને કેટલીક બેઠકો જુથવાદને કારણે જ ભાજપને મળી ગયાનો રિપોર્ટ પણ હાઈકમાન્ડને અપાયા બાદ આ મામલે રાહુલ ગાંધી ગુજરાતની મુલાકાત લેવાના હતા પણ હાલમાં પેટાચુંટણીની જાહેરાતને કારણે તેમનો પ્રવાસ થોડો પાછો ઠેલાયો છે.

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી લગભગ તા.૨૨મેના રોજ અમદાવાદ આવશે અને પ્રદેશ કાર્યાલય રાજીવ ગાંધીભવન ખાતે પક્ષના ત્રિસ્તરીય માળખાને વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન પૂરું પાડશે તેવી દિલ્હીથી આધારભૂત માહિતી પણ પ્રદેશ કાર્યાલયને મળી હતી. જેના કારણે પ્રદેશ કાર્યાલયમાં ઉત્સાહ ફેલાઈ ગયો હતો. આ દરમ્યાન રાજ્યમાં પેટાચૂંટણીની જાહેરાત થવાથી રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાતના કાર્યક્રમ પર બ્રેક લાગી ગયો અને પ્રદેશ હાઈકમાન્ડ પેટાચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત બની ગયું. જોકે પેટાચૂંટણી પત્યા બાદ ફરીથી રાહુલ ગાંધીનો કાર્યક્રમ ગોઠવાશે અને જૂનના અંત સુધીમાં તેઓ ચોક્કસ અમદાવાદની મુલાકાતે આવશે તેમ આ સૂત્રો ભારપૂર્વક જણાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પેટાચૂંટણી માટેની કોંગ્રેસની સ્ટાર પ્રચારકોની યાદીમાં રાહુલ ગાંધીનો સમાવેશ કરાયો નથી. એટલે તેઓ પ્રચાર માટે ગુજરાત આવવાના નથી તે બાબત તો નિશ્ચિત જ છે.



**ગરમીનો પારો આસમાને ચડેલ છે અને તે માનવીને દઝાડે છે, પરંતુ તેનાથી વધારે ગરમી તો થોડા સમયથી પૈસાદાર બનેલા લોકોને અથવા તો બીપીએલ વાળા, એટલે કે બાપાના પૈસે લેર વાળાઓને હોય છે. ઉપરના ચિત્રમાં થતી મારામારીમાં વાતમાં ખાસ કંઈ દમ નથી. એક વકીલપૂત્ર ગાડી લઈને પિતાની ઓફીસે જવા નિકળ્યો, લો ગાર્ડન પાસે બીજી ગાડી જોડે સામાન્ય ટક્કર થઈ, વકીલ પૂત્રએ આ બાબત નાની સમજી છોડી દીધી, પણ જે ગાડી સાથે નાની ટક્કર થઈ હતી તેઓએ આ ગાડીનો પીછો કર્યો, અને છેવટે વકીલની કચેરી બહાર જ મારામારી કરી, સિકયોરીટી ગાર્ડ અને બીજાઓ તમાશો જોતા ઉભા રહ્યા, વાત છે નાની, પણ સંસ્કારનું આવું પ્રદર્શન હવે રોજબરોજ જોવા મળે છે. લક્ષ્મીમહેર કરે પણ તે પચાવવા માટે પણ સંસ્કાર જોઈએ !!!**

## ભ્રષ્ટાચાર કરવામાં યુરોપ અને આફ્રિકાના દેશો ભારતથી પણ આગળ

**ભારત કરતાં વધુ લાંચ કે ભ્રષ્ટાચાર કેન્યા, ગ્રીસ, ક્રોએશિયા, પોર્ટુગલ, રશિયા, ચેક ગણરાજ્ય, નાઈજિરિયા, મિષા, સ્લોવેકિયા, હંગરી, સર્બિયા, સ્લોવેનિયા અને યુક્રેન જેવા દેશોમાં છે**

**નવી દિલ્હી, તા. ૨૮**

ભારતમાં ચોતરફથી ભ્રષ્ટાચાર અને કૌભાંડોની બૂમ ઉઠી છે. સૌ કોઈ એમ માને છે કે ભારત વિશ્વમાં સૌથી વધારે ભ્રષ્ટાચાર આચરતો દેશ બની ગયો છે પણ હકીકત જુદી છે. આપણાં કરતાં પણ કેટલાય દેશો વેપારમાં ભ્રષ્ટાચારમાં આગળ છે. જાણીતી પ્રોફેશનલ સર્વિસ ફર્મ અર્નેસ્ટ એન્ડ યંગના એક સર્વેમાં જાણવા મળ્યું છે કે ભારત સાથે યુરોપ, મધ્ય પૂર્વ અને આફ્રિકાના કેટલાક દેશોમાં વેપારમાં ભ્રષ્ટાચારના મૂળિયા ઘણા જ ઊંડા છે. ભારત કરતાં વધુ લાંચ કે ભ્રષ્ટાચાર કેન્યા, ગ્રીસ, ક્રોએશિયા, પોર્ટુગલ, રશિયા, ચેક ગણરાજ્ય, નાઈજિરિયા, મિષા, સ્લોવેકિયા, હંગરી, સર્બિયા, સ્લોવેનિયા અને યુક્રેન જેવા દેશોમાં છે જ્યારે બ્રિટન, આયર્લેન્ડ, જર્મની, ફ્રાન્સ, સાઉદી અરબ, હોલેન્ડમાં આ ટકાવારી ભારત કરતાં ઓછી છે. સર્વેમાં એ પણ જાણવા મળ્યું કે મોટાભાગના ક્ષેત્રો આ પ્રકારની ગેરકાયદેસર વેપાર પદ્ધતિમાં ટોચ પર છે. વિશ્વના કુલ ૩૬ દેશોમાં ૩૦૦૦ બોર્ડ સદસ્યો, એક્ઝિક્યુટિવ્સ, મેનેજરો તથા તેની ટીમ પર કરવામાં આવેલા સર્વે ૨૦૧૩માં જણાવવામાં આવ્યું છે કે, લાંચ કે ભ્રષ્ટાચાર મોટાપાયે ફેલાયેલા છે. ઝડપથી વિકાસી રહેલા બજારમાં ૬૭ ટકા



લોકો તથા પરિપક્વ બજારમાં ૩૩ ટકા લોકો એવું વિચારે છે કે આ પ્રકારની ગેરકાયદેસર પદ્ધતિ તેમના દેશમાં જારી છે.

વેપાર અને લાંચ અને ભ્રષ્ટાચારનો સામનો કરવા માટે ઘણા પ્રકારના કાર્યક્રમો ચલાવવામાં આવ્યા, પરંતુ લોકો આ પ્રકારની ચીજોને સ્વીકાર્ય માને છે. કેટલીક સંસ્થાઓમાં ૧૭ ટકા લોકોએ કહ્યું છે કે વેપારને ચાલુ રાખવા માટે તેમને ખાનગી રીતે ભેટ-સોગાદો અને સેવાઓની ઓફર કરવામાં આવે છે. સર્વેમાં ૧૬ ટકા લોકોએ જણાવ્યું કે તેઓને રોકડા આપવામાં આવે છે તો ૧૩ ટકા લોકોએ કહ્યું કે તેને મનોરંજનની ઓફર કરવામાં આવે છે. ચાર ટકા લોકોએ બતાવ્યું કે, કંપનીના આર્થિક પ્રદર્શનને જાણી જોઈને ખોટું દર્શાવવામાં આવે છે. તો વળી ૧૩ ટકા લોકોએ આ અંગે કહ્યું કે, તેઓ કંઈ જ જાણતા નથી જ્યારે ૪૮ ટકા લોકોએ આમાંથી એક હકીકત સ્વીકારી છે.

## બેંગ્લોર વિસ્ફોટના આરોપીઓને ખોટી રીતે ફસાવાયા

**પોલીસે ખોટી રીતે લઘુમતી સમુદાયના નિર્દોષ લોકોને આરોપી ઠેરવ્યા હોવાનો એનસીએચઆરના પ્રમુખનો ધડાકો**

**બેંગ્લોર, તા. ૨૮**

મલ્લેશ્વરમ વિસ્ફોટ કેસમાં કર્ણાટક અને તમિલનાડુ પોલીસ નિર્દોષ લોકો સામે ખોટા પુરાવા ઊભા કરી રહી હોવાનો આરોપ લગાવતાં નેશનલ કન્ફેડરેશન ઓફ હ્યુમન રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન (એનસીએચઆર)એ માંગ કરી હતી કે આ પ્રકરણની તપાસ સીબીઆઈને સોંપવામાં આવે સંસ્થાના સભ્ય પ્રમુખોએ જણાવ્યું હતું કે, પ્રકરણનું સત્ય જાણવા માટે કર્ણાટક અને તમિલનાડુ એકમોના પ્રમુખો અનુક્રમે પ્રો. રમેશ અને ભવાની મોહન દ્વારા એક સત્ય શોધક ટીમની રચના કરવામાં આવી હતી. રમેશે આરોપ લગાવ્યો હતો કે પોલીસ પોતાની તપાસમાં પૂર્વગ્રહયુક્ત હતી અને ફરિયાદમાં અપનાવાયેલી ભાષા એકદમ ચીલાચાલુ ઢબની હતી. રમેશે કહ્યું હતું કે પોલીસે પોતાના પહેલાના રાજકીય આકાઓને સંતુષ્ટ કરવાના પ્રયાસ કર્યા હતા. તેમણે ખોટી રીતે લઘુમતી સમુદાયના નિર્દોષ લોકોને આ ગુના માટે આરોપી ઠેરવ્યા હતા. રમેશે વધુમાં ઉમેર્યું હતું કે તેમની માંગણી સત્ય શોધક સમિતિના અહેવાલ તથા વિભિન્ન લોકોની જુબાની જે કેસમાં આરોપીઓની સંડોવણીને જુઠી સાબિત કરે છે. તેની પર આધારિત છે. શહેર ક્રાઈમ બ્રાન્ચે ૧૭ એપ્રિલે થયેલા બોમ્બ ધડાકાના કેસમાં પીર મોહિદ્દીન તેમજ બશીર અને તે બાદ કીવન બુહારીની ધરપકડ કરી હતી. એનસીએચઆરે આરોપ લગાવ્યો હતો કે, કિવન બુહારીની ધરપકડ બંને સભ્યોની પોલીસે પૂર્વ નિયોજીત રીતે નક્કી કરેલ નાટકનો ભાગ હતો, જે ધરપકડ પ્રતિબંધિત સંગઠન અલ ઉમ્મા તરફ ધ્યાન વાળવા તેમની પૂર્વ નિર્ધારિત યોજનાનો ભાગ હતો.

ભવાની બી મોહને જણાવ્યું હતું કે સત્ય શોધક સમિતિએ વિસ્ફોટ સ્થળની મુલાકાત લીધી હતી અને આરોપીઓ તથા કેસના અન્ય આરોપીઓના વકીલોની સાથે વાતચીત કરી હતી. ભવાનીએ કહ્યું હતું કે, બુહારીની કસ્ટડી વિશે આંચકાજનક ખૂલાસો સામે આવ્યો હતો. તેના પર કર્ણાટક પોલીસે તેના શરીર પર વિભિન્ન જગ્યાએ વીજળીના શોક આપવા સહિતનો અત્યાચાર ગુજાર્યો હતો. બુહાટી પર મેલાપાલાયમના રહેવાસી મદને ફસાવવા અત્યાચાર ગુજારર્યો હતો અને પીર મોહીયુદ્દીનને ફખરૂદ્દીન બન્ના ઈસ્માઈલ અને બિલાલ મલીકને સત્ય કહી ફસાવવા કહેવાયું હતું કે તેઓ તેના ઘેર આવ્યા હતા અને તપાસ શરૂ થઈ તે પહેલાં ત્યાંથી રવાના થયા હતા. તેણે આમ કરવાનો ઈનકાર કરતાં પોલીસે તેને આરોપી તરીકે દર્શાવી કેસમાં ફસાવી દીધો હતો.

## સુકમા ખાતે નિર્દોષોનાં રક્તપાત મામલે નક્સલવાદીઓએ ખેદ વ્યક્ત કર્યો

**પીપલ્સ લિબરેશન ગુરિલ્લા આર્મીએ આ ઘટનાને અંજામ આપ્યો : મહેન્દ્ર કર્મા, નંદકિશોર પટેલ અને વી.સી.શુક્લા તેમના હીટલિસ્ટમાં સૌથી ઉપર હતા**

**રાયપુર, તા. ૨૮**

હાલમાં જ છત્તીસગઢમાં નકસલવાદીઓએ કોંગ્રેસની પરિવર્તન રેલી પર હુમલો કર્યો હતો જેમાં નંદકિશોર પટેલ, મહેન્દ્રકર્મા જેવા નેતાઓ મોતને ભેટ્યા હતા જ્યારે વિદ્યાચરણ શુક્લા હાલમાં હોસ્પિટલમાં ગંભીર સ્થિતિમાં છે આ હુમલાની જવાબદારી નકસલવાદીઓએ સ્વીકાર હતી જેમાં મહેન્દ્ર કર્મા અને નંદકિશોર તેમની હીટ લિસ્ટમાં હોવાનું જણાવ્યું હતું પણ સાથોસાથ કેટલાક નિર્દોષ લોકો મોતને ઘાટ ઉતર્યા હોવા પર તેમણે ખેદ વ્યક્ત કર્યો હતો.

છત્તીસગઢના સુકમામાં કોંગ્રેસ કાફલા પર થયેલા નક્સલી હુમલાની નક્સલીઓએ જવાબદારી સ્વીકારી લીધી છે..મીડિયાને મોકલાયેલા એક



ઓડિયો ટેપ અને ૪ પેજના સંદેશમાં નક્સલીઓએ પોતાની આ કરતૂતની જવાબદારી સ્વીકારી છે.કોંગ્રેસનાં કાફલા પર થયેલા હુમલામાં ૨૯ કોંગ્રેસી નેતાઓ અને કાર્યકરોના મોત નિપજ્યા છે. માઓવાદીઓના પ્રવક્તાએ આ પત્રમાં જણાવ્યુ છે કે પીપલ્સ લિબરેશન ગુરિલ્લા આર્મીએ આ ઘટનાને અંજામ આપ્યો છે.

સાથે જ પત્રમાં એ વાતનો પણ વિશેષ ઉલ્લેખ કરાયો છે કે મહેન્દ્ર કર્મા, નંદકિશોર પટેલ અને વી.સી.શુક્લા તેમના હીટલિસ્ટમાં સૌથી ઉપર હતા. મીડિયાને મોકલાયેલા પત્રમાં માઓવાદીઓનું કહેવુ છે કે તેઓ મહેન્દ્ર કર્માને સબક શીખવવા માગતા હતા. સાથે જ ઓપરેશન ગ્રીન હંટને ચલાવવાની મંજૂરી આપવા મુદ્દે નંદકુમાર પટેલ નક્સલીઓના નિશાના પર હતા.ઓપરેશન ગ્રીન હંટ હેઠળ જંગલોમાં મોટી સંખ્યામાં કેન્દ્રીય સુરક્ષા બળોને નક્સલ વિરોધી અભિયાનમાં જોતરાયા હતા. જોકે આ નેતાઓ સાથે કોંગ્રેસના કેટલાક માસૂમ અને નિર્દોષ લોકોના માર્યા જવા પર નક્સલીઓએ અફસોસ પણ વ્યક્ત કર્યો છે. આટલુ જ નહિ નક્સલીઓએ પોતાના સંદેશમાં છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ સહિત કોંગ્રેસ-ભાજપના ઘણા અન્ય નેતાઓને પણ સામાન્ય લોકો અને આદિવાસી વિરોધી અભિયાનો માટે જવાબદાર ઠેરવ્યા છે.

## દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમિટિએ નક્સલી હુમલાની જવાબદારી લીધી

**દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમિટિના પ્રવક્તા ગુડસા ઉસૈંડીએ પ્રેસ રિલિઝ કરી હુમલાની જવાબદારી સ્વીકારી**

**નવી દિલ્હી, તા. ૨૮**



છત્તીસગઢમાં નક્સલી હુમલાની જવાબદારી નક્સલી સંગઠન દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમિટિએ લીધી છે. ગુડસા ઉસૈંડી નામના નક્સલીએ નક્સલી હુમલાની જવાબાદારી લીધી છે., સંગઠનના પ્રવક્તા ગુડસા ઉસૈંડીએ પ્રેસ રિલિઝ જાહેર કરી આ હુમલાની જવાબદારી લીધી હતી.. અત્રે ઉલ્લેખનીય છે કે ગુડસા ઉસૈંડી દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમિટિના પ્રવક્તા છે.

આ દરમ્યાન છત્તીસગઢના બસ્તર જિલ્લામાં દરભા નક્સલી હુમલાની તપાસ કરી રહેલી રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)ની ટીમે સોમવારે હુમલામાં ઘાયલ કોંગ્રેસના નેતાઓ અને પોલીસ કર્મચારીઓ સાથે મુલાકાત કરી જાણકારી મેળવી હતી.

છત્તીસગઢના મુખ્યમંત્રી રમણ સિંહે સ્વીકાર્યું હતું કે સુરક્ષામાં ખામીઓના કારણે દરભામાં કોંગ્રેસી નેતાઓના પગલા પર શનિવારે નક્સલી હુમલો થયો હતો. તેમને રાજ્યમાં નક્સલ હિંસાના સંઘર્ષમાં સેનાની ભૂમિકા અંગે મનાઈ કરી દીધી છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ઘટના બાદ તાત્કાલિક રાજ્ય સરકારે ન્યાયિક તપાસના આદેશ આપી દીધા છે અને કહ્યું છે કે તપાસમાં જો કોઈપણ પ્રકારની લાપરવાહી સામે આવી છે તો તેના વિરૂદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે ભલે તે ગમે તે સ્તરનો અધિકારી કે કર્મચારી હોય. તેમણે કહ્યું હતું કે આ કેસની એનઆઈએ પણ તપાસ શરૂ કરી દીધી છે. છત્તીસગઢ નક્સલી હુમલામાં કુલ ૨૭ લોકોના મોત નિપજ્યા હતાં.

## છઠ્ઠા પગારપંચનાં તફાવતનો હપ્તો રોકડથી આપવા રાજ્યસરકારનો નિર્ણય

**વર્તમાન અને નિવૃત એવા આઠ લાખ વીસ હજાર કર્મચારીઓના હિતમાં રાજ્ય સરકારે નિર્ણય કર્યો**

**ગાંધીનગર, તા. ૨૮**

રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે આનંદના સમાચાર છે. આ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચના સુધારેલા પગાર ભથ્થાના તફાવતનો પાંચમો અને અંતિમ હપ્તો રોકડમાં આપવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયો છે.

વર્તમાન અને નિવૃત એવા આઠ લાખ વીસ હજાર કર્મચારીઓના હિતમાં રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. ૧ જાન્યુઆરી ૨૦૦૬થી ૩૧ માર્ચ ૨૦૦૯ સુધી પગાર અને મોંઘવારી ભથ્થાની તફાવતની રકમ દર વર્ષે ૨૦ ટકા લેખે પાંચ હપ્તામાં આપવાની હતી. આ પહેલા સરકારે બીજા, ત્રીજા અને ચોથા હપતાની રકમ પણ રોકડમાં ચુકવવાનો નિર્ણય કર્યો હતો. આખરે પાંચમાં હપતાની રકમ પણ



રોકડમાં ચુકવવાની જાહેરાત કરતા કર્મચારીઓ ગેલમાં આવી ગયા છે.

## પાકિસ્તાનના વડાપ્રધાન પદે પાંચમી જૂને નવાઝ શરીફની વરણી

**ઈસ્લામાબાદ, તા. ૨૮**

પાકિસ્તાન મુસ્લિમ લીગ(પીએમએલ-એન)ને ૩૪૨ રાજ્યનું સંખ્યાબળ ધરાવતી રાષ્ટ્રીય ધારાસભામાં મળેલી બહુમતી બાદ પીએમએલ-એનના વડા નવાઝ શરીફની વડા પ્રધાનપદ માટેની ઉમેદવારીની ઔપચારિક જાહેરાત કરવામાં આવી છે. તેઓ પાંચમી જૂને સત્તાવાર રીતે વડાપ્રધાન પદે ચૂંટાઈ આવશે.

નવી ધારાસભાના પ્રથમ સત્રની શરૂવાત પૂર્વે પીએમએલ-એનની સંસદીય કમિટીની બેઠકમાં શરીફની ઉમેદવારીને અંતિમ મંજૂરી આપવામાં આવશે.

તા. ૧૧ મેની સામાન્ય ચૂંટણીમાં ધારાસભામાં એક માત્ર મોટા પક્ષ તરીકે ઉપર આવ્યા બાદ પીએમએલ-એન સરકાર રચવાની તૈયારીમાં છે.

પક્ષને ચૂંટણીમાં ૨૭૨ બેઠકમાંથી ૧૨૬ બેઠકમાં સીધો વિજય મળ્યો છે અને ૧૮ જેટલા સ્વતંત્ર સભ્યો તાજેતરમાં પીએમએલ-એનમાં જોડાયા છે તેથી પીએમએલ-એનની બેઠકની સંખ્યા ૧૪૪ જેવી થઈ છે.

પીએમએલ-એન મહિલાઓને ૩૨ અનામત બેઠકો ફાળવશે અને પાંચ અનામત બેઠકો બિનમુસ્લિમો માટે હશે.

નવી ધારાસભાના પ્રથમ સત્રમાં નવા વડા પ્રધાનની ઔપચારિક ચૂંટણી કરવામાં આવશે.

નિર્મલ મેટ્રો

**તંત્રીની કલમે....**

# નક્સલવાદ વિશે ચિંતન જરૂરી

છત્તીસગઢમાં કૉંગ્રેસની પરિવર્તન રેલીના કાફલા પર થયેલા હુમલામાં ૨૮ વ્યક્તિનાં મૃત્યુની ઘટના ખૂબ જ ગંભીર બાબત છે. નકસલવાદીઓ મોકો જોઈને ત્રાટકે છે અને તેમનું આયોજન વ્યવસ્થિત હોય છે. તેમને શસ્ત્રો પૂરા પાપાડવાની બાબત પાછળ કોણ છે તે એક રહસ્ય છે, પરંતુ પડોશી રાષ્ટ્રની સંડોવણી હોવાની પૂરી શક્યતા છે.સમૃદ્ધ ખાણ ખનિજ વિસ્તારમાં આવેલા છત્તીસગઢમાં જમીનનો કબજો મેળવવા મૂડીવાદી એકમો દ્વારા બળજબરી કરવામાં આવે છે.કાયદાના ઓઠા હેઠળ આવી જમીન પડાવી લેવામાં આવે છે. આ તમામ બાબતો સામેનો જન આક્રોશ ઉગ્ર બને છે તેવે વખતે સંગઠિત થઈને પ્રજા શસ્ત્રો ઉઠાવે છે. નકસલવાદ એ હાલની શાસન વ્યવસ્થા સામેનો એક વિપ્લવ છે.તેને યોગ્ય રીતે સમજવાની જરૂર છે તેની સામે માત્ર પ્રત્યાઘાત આપવાની જરૂર નથી.વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહ કહે છે કે નકસલવાદ સામે દેશ ઝુકવાનો નથી, પરંતુ આવી રીતે જવાબ આપવો તે તદ્દન અયથાર્થ બાબત છે. નકસલવાદીઓ કોણ છે, તેની સંખ્યા કેટલી છે, તેમની શસ્ત્રસજ્જતા વગેરે અંગે કોઈ જ નક્કર વાત સમજ્યા વગર આવી રીતે કહેવું યોગ્ય નથી. આ બાબતે રાજકારણ જરાપણ નથી. કારણ કે વિપક્ષોએ પણ આ હુમલાને ગંભીરતાથી લીધો છે.ભાજપ દ્વારા તેમનું કેન્દ્ર સરકાર વિરોધી આંદોલન પાછું ખેંચી લેવામાં આવ્યું છે. નકસલવાદની જડ સમજવાની જરૂર છે. કારણ કે પ્રજાનો સમૂહ શસ્ત્રો ઉઠાવે છે તેની પાછળ કોઈક કારણ હશે. આ કારણ ને વિસ્તૃત રીતે સમજવાની જરૂર છે. કારણ આર્થિક છે - રોજીરોટીને લગતું છે. કેન્દ્ર સરકારના નીતિવિષયક આયોજનના ઘડવૈયાઓ તેના તરફ ધ્યાન આપે તે જરૂરી છે.આદિવાસી પ્રજાની જમીન પડાવી લેવાની પ્રવૃત્તિ તાત્કાલિક બંધ થવી જોઈએ. કારણ કે જંગલ વિસ્તારમાં આદિવાસી પ્રજા માટે જમીન એકમાત્ર આવક મેળવવાનું સાધન છે. તેની પર કોઈ તરાપ મારે તો તેનો ઉગ્ર પ્રત્યાઘાત આવે તે સ્વાભાવિક છે. આર્થિક, સામાજિક બાબતને સાવ હળવાશથી લેવાને બદલે તેના માનવીય પાસાઓ પણ સમજવા જોઈએ.હિંસાને માન્યતા પ્રદાન કરવાની વાત નથી, પરંતુ પ્રશ્નના મૂળમાં જવાની વાત છે. જ્યારે પી. ચિદમ્બરમ્ કેન્દ્રમાં ગૃહમંત્રી હતા તે વખતે તેમણે જંગલમાં બોમ્બમારો કરીને નકસલવાદને સાફ કરી નાખવાની શેખી કરી હતી, પરંતુ તે વાતની સામે વ્યાપક વિરોધ થયો હતો. લશ્કરના ટોચના અધિકારીઓ પણ કહે છે કે આ બાબત કાયદો વ્યવસ્થાની નથી, પરંતુ આર્થિક - સામાજિક છે એટલે તેનો ઉકેલ મળવો જોઈએ.મધ્ય પ્રદેશમાંથી અલગ રાજ્ય થયેલા છત્તીસગઢમાં રોજી અને આવક ઓછી છે. જમીન પરનું ઉત્પાદન બહુ આવક રળી આપતું નથી. આરોગ્ય, શિક્ષણને લગતી સુવિધા ઘણી ઓછી છે. સામાજિક સંસ્થાઓ ઘણી ઓછી છે. પ્રજાની અપેક્ષા ઘણી છે.આથી આ તમામ બાબત વચ્ચે તાલમેળ બેસાડવાની જરૂરત છે. માત્ર હાકલા પડકારા કરવાથી હિંસાનો ઉકેલ આવી જવાનો નથી.બહારના અને અંદરના શત્રુઓ ત્યારે જ ફાવે છે કે જ્યારે દિલ્હી અને તેનું નેતૃત્વ નબળું હોય છે. જે કોઈ આર્થિક નીતિનું ઘડતર થાય છે તે પ્રજા વિરોધી છે. પ્રજાની અપેક્ષા વિરુદ્ધની વાત કઈ રીતે સ્વીકાર્ય બને? ખોટી નીતિનું ઘડતર વધારે ઘાતક પુરવાર થાય છે. સમાજમાં જે હિંસાનો વ્યાપ વધ્યો છે તે ખોટી નીતિના કારણે છે. નકસલવાદ એ ખોટી નીતિનો પ્રત્યાઘાત છે. તેની સામે માત્ર પ્રત્યાઘાતથી જવાબ આપી શકાય નહી કારણકે તે બૂમરેંગ થવાની જ શક્યતા છે.

# કાર્ટુન : બાળકો માટે સારા કે પછી...

અત્યારે સમય બદલાઇ રહ્યો છે. પહેલા તો વેકેશન પડતાની સાથે જ બાળકો ઘરની બહાર જ રહેતા અને તેઓનો બોલાવવા માટે પણ તેઓની માતાને મુશ્કેલી પડતી હતી. પરંતુ હવે એવી પરિસ્થિતિ રહી નથી. અત્યારે તો બાળકોને ધક્કા મારીને બહાર કાઢવા પડે તેવી પરિસ્થિતિ છે. કેમ કે બાળકો આખો દિવસ ટી.વી. પર કાર્ટુન જોવામાંથી નવરા પડે તો બહાર રમવા જાયને! બાળકોના મનોરંજનની કલ્પના કાર્ટુન વિના કરવી મુશ્કેલ છે. અત્યારે ટીવી પર એટલા બધા કાર્ટુન આવે છે કે તેની કોઇ હદ નથી. જો કે તેમાંથી કયાં કાર્ટુન બાળકો માટે સારા છે અને કયાં જોઇ શકાય તેવા નથી તે સરળતાથી નક્કી કરી શકાય તેમ છે. કેટલાક વિશેષજ્ઞ કહી રહ્યાં છે કે કેટલાક કાર્ટુન એવા પણ છે કે જે બાળકોને આક્રમક બનાવી રહ્યાં છે. હવે પ્રશ્ન એ થાય કે કયુ કાર્ટુન બાળકો માટે સારૂ છે અને કયુ સારૂ નથી તે નક્કી કેવી રીતે કરવું. અત્યારે બાળકો માટે કાર્ટુન સારૂ કે ખરાબ તે મુદ્દો ફરી ચ્રચામાં છે. તાજેતરમાં જ બાગ્લાંદેશમાં ખૂબ જ પ્રખ્યાક કાર્ટુન ડોરેમોન પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. સરકારનો આની પાછળનો તર્ક એવો છે કે આ કાર્ટુનમા આવતુ લોબીતા નામનુ પાત્ર ખૂબ જ આળસુ બતાવવામાં આવ્યું છે. તેટલું જ નહીં પરંતુ તેને હંમેશાથી પોતાનુ હોમવર્કથી ભાગતો બાતવવામાં આવ્યો છે. વળી તે સતત પોતાના મિત્ર ડોરેમોનના ગેજેટ દ્વારા જ જીતતો બતાવવામાં આવે છે. આ કારણે બાળકો પોતાની શક્તિ પર કેન્દ્રીત થઇ શકતા નથી. સરકાર જણાવી રહી છે આ પાત્રની ખૂબ ખોટી અસર બાળકો પર પડી રહી છે. એવુ નથી કે આ વાત માત્ર બાંગ્લાદેશ પૂરતી સિમિત છે. ભારતમાં પણ ડોરેમોન પર પ્રતિબંધ મૂકવાની વાત થઇ હતી પરંતુ તેવુ થઇ શક્યુ નહીં અને હજી પણ ડોરેમોન ભારતમાં પ્રસારીત થઇ રહ્યું છે. આ સિવાય અન્ય પણ એક કાર્ટુન છે જેનુ નામ છે શિનચેન. તેના પર ચોક્કસ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો પરંતુ કેટલીક શરતો બાદ તેને પુનઃ પ્રસારણની મંજૂરી આપી દેવામાં આવી છે. અત્યારે એ પ્રશ્ન આખી દુનિયામાં ઉઠી રહ્યો છે કે કાર્ટુન જોવુ સારૂ કે ખરાબ. ખાસ કરીને કાર્ટુન જોતા બાળકો માટે એક બાબત કહી શકાય કે તેઓ કાર્ટુનને મનોરંજનની જેમ નહીં પરંતુ એક લતની જેમ જોતા હોય છે. તેઓ કલાકો સુધી ટીવી સામે બેસી રહે છે. અને તે કારણે તેઓની આંખો પર નકારાત્મક અસર પડી રહી છે.

હવે પ્રશ્ન એ થાય કે શું કરવુ? બાળકોને મનોરંજન માટે કાર્ટુન બતાવવુ જ જોઇએ પરંતુ જે બાળકો લતની જેમ કાર્ટુન જુએ છે તેઓના માતાપિતા માટે એક ખરાબ સમાચાર છે. તાજેતરમાં જ ન્યુઝિલેન્ડમાં એક સંશોધન થયું હતું અને આ સંશોધન મુજબ જે બાળકો નાના હોય ત્યારે કાર્ટુન ખૂબ જોતા હોય તેઓ જ્યારે વયસ્ક બને છે ત્યારે તેઓમાં અપરાધિક પ્રવૃતિ વધુ જોવા મળે છે. આ સંશોધન માટે લિન્ડસે રોબ્રટસન નામના સંશોધકે ખૂબ મહેનત કરી હતી અને તેઓએ પાંચથી પંદર સુધીના બાળક પર આ સંશોધન કર્યુ હતું. આ અંગે અમેરિકામાં એમેરિકન એકેડમી ઓફ પિડિયાટ્રિક્સે એક બાબત સામે મુકી છે કે બાળકોને દિવસમાં બે કલાકથી વધુ સમય સુધી ટીવી બતાવવું જોઇએ નહીં. અને આ બે કલાક પણ ગુણવત્તાવાળા પ્રોગ્રામ જુએ તે જરૂરી છે. અહીં ગુણવત્તા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. તેઓ સ્પષ્ટ કરી રહ્યાં છે કે બાળકોને મારધાડ અને અન્ય રીતે ખરાબ હોય તેવા કાર્ટુન કે અન્ય કોઇ પ્રોગ્રામ બતાવવા ન જોઇએ કેમ કે તેની તેઓ પર નકારાત્મક અસર પડતી હોય છે. તેઓએ સંશોધન કરેલા અભ્યાસ મુજબ જે બાળકો દિવસમાં પાંચ કલાકથી વધુ ટીવી જુએ છે તેવા બાળકો સામાન્ય રહેતા નથી. તેઓમાં ઘણી બધી વિકૃતિ આવી જતી હોય છે. ખાસ કરીને વયસ્ક બન્યા બાદ તેવા બાળકોની મુશ્કેલીઓ વધી જતી હોય છે. એક એવી બાબત પણ સામે આવી હતી કે જે બાળકો માતા પિતાની સામે અલગ અને એંકાંતમાં અલગ કાર્યક્રમ જુએ છે તેવા બાળકો સ્વાર્થી, ઉગ્ર અને એંકાંતપ્રિય બની જતાં હોય છે. ખાસ કરીને જે કાર્ટુનમાં હિંસા હોય તેને તો ખાસ નુકસાનકારક માનવામાં આવ્યાં છે. તે બાળકોમાં આક્રમતાના મૂળ માનવામા આવે છે. એમેરિકન એકેડમી ઓફ પિડિયાટ્રીશનની જર્નલમાં જણાવવામાં આવ્યું છે કે જે કાર્ટુન હિંસક હોય અથવા તો તૈમાં વધારે પડતો મેલોડ્રામા હોય તેવા કાર્ટુન જોતા બાળકો હંમેશાથી હિંસક થઇ જતાં હોય છે.

શોધકર્તાઓએ આ માટે એક પ્રયોગ કર્યો. તેઓએ સમાન આયુ ધરાવતા બાળકોને ભેગા કર્યા. તે બાળકોને બે ગ્રુપમાં વહેંચવામાં આવ્યાં. પહેલા ગ્રુપને નવ મિનિટ સુધી શાંત અને મનોરંજક કાર્ટુન બતાવવામાં આવ્યું જ્યારે બીજુ ગ્રુપ હતું તેને પણ નવ મિનિટ સુધી કાર્ટુન બતાવવામાં આવ્યું. પરંતુ આ કાર્ટુન હિંસક હતું. આ સંશોધનમાં એવી વાત સામે આવી કે જે બાળકોએ મનોરંજક કાર્ટુન જોયુ હતું તેઓ એકાગ્ર ચિત્તે કાર્ય કરતા હતાં જ્યારે જે બાળકોને હિંસક કાર્ટુન બતાવવામાં આવ્યું હતું તેઓ ન તો એકાગ્ર ચિત્તે કામ કરી શકતા ન તો તેઓનો વ્યવહાર સામાન્ય હતો. તેઓમાં એક પ્રકારની આક્રમકતા જોઇ શકાતી હતી. બાળકો સામાન્ય રીતે નકલ ખૂબ કરતા હોય છે અને તેથી જ તેઓ આવા હિંસક પાત્રો જોઇને હિંસક બની જતાં હોય છે.

કેનેડાની ઓટોરિયો યુનિવર્સીટીના શોધકર્તાઓએ પોતાના એક સંશોધનમાં તારણ કાઢ્યુ છે કે જે બાળકો દિવસનુ એક કલાકથી વધુ ટીવી જુએ છે તેઓ પર મેદસ્વીતા ખતરો વધી જાય છે. તેઓએ સંશોધનમાં સાબીત કર્યુ કે એક કલાકથી વધુ ટીવી જોતા બાળકોની કમર દર અઠવાડિયે અડધા મિલિમીટર જેટલી વધી જતી હોય છે. તથા તેઓની શારીરીક ક્ષમતા પણ ઘટી જાય છે.આની અસર તરત જ જોવા મળતી નથી પરંતુ જેમ જેમ સમય જાય છે તેમ તેમ તેની અસર વર્તાય છે. આંખો પર પણ તેની વીપરીત અસર થાય છે. આંખો લાલ થવી, આંખોમાંથી પાણી નીકળવુ, નજર નબળી પડવી વગેરે સમસ્યાઓ થઇ શકે છે. આ સિવાય સંશોધનમાં એ વાત પણ સામે આવી છે કે જે બાળકો વધુ સમય ટીવી કે કંમ્પ્યુટર જોતા હોય તેઓને ડાયાબીટીસ અને હ્યદયના રોગો પણ થઇ શકે છે. કેમ કે કેટલાક કાર્ટુન એવા આવતા હોય છે કે જેમાં ખાસ પ્રકારની ગ્રાફીક્સ વપરાઇ હોય છે અને તેની ચેતવણી ખૂબ ઝડપથી આવી જતી રહેતી હોય છે પરિણામે બાળકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ સિવાય તેઓ સતત એક જ મુદ્રામાં બેસી રહે છે તેથી માંસ પેશીઓની શિથિયલતાની બીમારી પણ તેઓમાં થઇ જતી હોય છે.

આ અંગે દુનિયાના પ્રખ્યાત મનોવૈજ્ઞાનિક ડૉ.એરિક સિંગમન જણાવી રહ્યાં છે કે ત્રણ થી સાત વર્ષના બાળકને વધુમાં વધુ અડધા કલાકથી એક કલાક સુધી ટીવી જોવુ જોઇએ. તેથી વધુ સમય તેના માટે ખતરનાક છે. આઠથી અગિયાર વર્ષના બાળકે એક કલાક અને અગિયારથી પંદર વર્ષના બાળકે દોઢ કલાક સુધી ટીવી જોવુ જોઇએ. આ અંગે તેઓએ કહ્યું હતું કે દશથી પંદર મિનિટ જેટલો સમય બાળકને પોતાની પસંદગીનો કાર્યક્રમ જોવો દેવો જોઇએ. પરંતુ તે તેના માટે યોગ્ય ન હોય તો તેને તેનાથી વધુ સમય સુધી જોવા દેવો જોઇએ નહીં.

આ અંગે અમેરિકામાં એક રસપ્રદ અધ્યયન થયું. તેમાં સામે આવ્યુ કે બાળકો વર્ષમાં ૧૦૪૩ કલાક ટીવી જુએ છે જ્યારે બાળકો સ્કૂલમાં ૯૦૦ કલાક પસાર કરે છે. વિશેષજ્ઞ મુજબ દરેક અમેરિકી બાળક દિવસના ચારથી પાંચ કલાક સુધી ટીવી જુએ છે. આ રીતે મલેશિયાના બાળકો વર્ષમાં ૧૨૦૦ કલાક ટીવી જુએ છે. ભારતની વાત કરીએ તો ભારતીય બાળકો સરેરાશ ૧૧૦૦ કલાક ટીવીની સામે હોય છે જ્યારે તે ૧૦૦૦ કલાક સ્કૂલમાં પસાર કરે છે. ભારતીય સંદર્ભમાં આ આંકડો માત્ર એવા ઘરોનો છો કે જેઓના ઘરે ટીવી છે અને જેઓના બાળકો સ્કૂલમાં જાય છે.

તો હવે પ્રશ્ન એ થાય છે કે બાળકોએ કયુ કાર્ટુન જોવુ જોઇએ. તો તેના જવાબમાં કહી શકાય કે તે તમારે જાતે જ નક્કી કરવાનું છે. આમ તો ઘણા કાર્ટુન ટીવી પર આવે છે પરંતુ લૂની ટૂન્સમાં દાદી સરસ મઝાની વાતો શીખવતી નજરે પડે છે. આ સિવાય ડોરા ધ એક્સપ્લોરા પણ આવે છે કે જેમાં નાની બાળકી સરસ વાત શીખવે છે. ભારતીય કાર્ટુનોની વાત કરીએ તો છોટા ભીમ બાળકોમાં ખૂબ લોકપ્રિય છે. તે પણ સાહસી બનવાનુ શીખવે છે. આ સિવાય કૃષ્ણા પણ આવે છે જે જોવા લાયક છે. આના સિવાય ટોમ એન્ડ જેરી મીકી માઉસ, ડકટેઈલ્સ વગેરે કાર્ટુન પણ છે. આ સૌ કાર્ટુન ટીવી પર આવતા હોય છે. આ સિવાય ડીસ્કવરી અને નેશનલ જીયોગ્રાફીક ચેનલ તથા હિસ્ટ્રી ચેનલ પણ આવે છે અને આ ચેનલો પર પણ ઘણા સરસ કાર્યક્રમો આવે છે. કાર્ટુન સદંતર ખરાબ છે તેવુ નથી. ઘણી સારી બાબતો બાળકો કાર્ટુન પરથી શીખી શકે છે. એવી ઘણી પરિસ્થિતિ છે કે જેમાં સામાન્ય જીવનમાં બાળક ધ્યાન આપતો નથી પરંતુ કાર્ટુનમાં તે તેવી જ પરિસ્થિતિમાં ધ્યાન આપતો દેખાય છે. તેથી તેમ ન કહી શકાય કે કાર્ટુન જોવુ ખરાબ છે પરંતુ તેનો અતિરેક ચોક્કસ ખરાબ છે. છોટા ભીમ તેનુ સરસ ઉદાહરણ છે. જુઠ્ઠુ ન બોલવુ, જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી, મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવો વગેરે બાબતો આ કાર્ટુનમાં સરસ રીતે બતાવાય છે. આ સિવાય મીકી માઉસ વર્ષો જૂનુ લોકપ્રિય કાર્ટુન છે. તેમાં કાંઇ હિંસક બાબતો હોતી નથી. ટોમ એન્ડ જેરી પણ સરસ કાર્ટુન છે. ટુંકમાં એટલુ કહી શકાય કે તમારે નક્કી કરવાનુ છે કે શું બતાવવું અને કેટલુ બતાવવું. કેમ કે જયારે અતિરેક થાય ત્યાર જ સમસ્યા થાય છે. બાકી જો બાળકો યોગ્ય માત્રમાં ટીવી કે કાર્ટુન જુએ તો કોઈ સમસ્યા થતી નથી.

# કંપની સમાચાર

## જંગલ મેજિક બાળકો માટે રમકડું કમ મોસ્ક્યુટો રિપેલન્ટ બેન્ડિટ્ઝ રજૂ કરે છે

**મુંબઈ, મે ૨૦૧૩: પિરામલ એન્ટરપ્રાઈઝીસ લિ. દ્વારા બાળકો માટે અજોડ રમકડું કમ મોસ્ક્યુટો રિપેલન્ટ બેન્ડ જંગલ મેજિકનું બેન્ડિટ્ઝ રજૂ કર્યાની જાહેરાત કરી છે.**

માતાઓ તેમના બાળકોના અંગત અને સ્વચ્છતાના ઉપયોગ માટે પ્રોડક્ટોની પસંદગી કરવાનો વારો આવે ત્યારે બહુ જ ભાવનાશીલ હોય છે. પાંચ વર્ષની ઉંમર પૂરી થયા પછી બાળકોને અંગત સંભાળની પ્રોડક્ટો પસંદગી કરવાનો બહુ જ ઓછો અવકાશ હોય છે. તેમને વાલી ઉપયોગ કરે તે પ્રોડક્ટ અથવા પુખ્તોની બ્રાન્ડનો બાળકોનો પ્રકાર પસંદગી કરવાને મજબૂર કરાય છે અથવા તેમને નવજાતની પ્રોડક્ટનો ઉપયોગ કરવાનું ચાલુ રાખવું પડે છે. જંગલ મેજિક શ્રેણી લાવવાનું પાછળનું કારણ સુરક્ષિત પણ અજોડ હોય તેવી નૈસર્ગિક પ્રોડક્ટો લાવવાનું છે, એમ પથી ૧૧ વર્ષની ઉંમરના બાળકો માટે રજૂ કરાયેલી નવી પ્રોડક્ટ બેન્ડિટ્ઝની રજૂઆત વેળા પિરામલ એન્ટરપ્રાઈઝીસનાં ઉપાધ્યક્ષા ડો. સ્વાતિ પિરામલે જણાવ્યું હતું.

બેન્ડિટ્ઝની રજૂઆત પિરામલના ગ્રાહક પ્રોડક્ટ વિભાગની બાળકોના કલ્યાણ પ્રત્યે કટિબદ્ધતા પ્રદર્શિત થાય છે. જો તમે એકંદર બાળ બજાર જુઓ તો તે રૂ. ૨૦,૦૦૦ કરોડથી વધુ છે, જે એફએમસીજી, એપરલ, રમકડાં, દંત સંભાળ, પોષણ અને ખાદ્ય, ગિઝમોઝ વગેરેમાં પ્રસરેલી છે. અમે બાળકોને તેમની ઉંમરને અનુરૂપ વ્યક્તિભિમુખ નિવારણ આપી રહ્યા છીએ. અમે જંગલ મેજિકને છત્રછાયા બ્રાન્ડ તરીકે જોઈ રહ્યા છીએ, જે રૂ. ૧૦૦ કરોડનો આંક પાર કરશે અને આગામી પથી ૭ વર્ષમાં અમારી સુપરબ્રાન્ડમાંની એક બની રહેશે, એમ પિરામલ એન્ટરપ્રાઈઝીસનાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર નંદિની પિરામલે જણાવ્યું હતું.

- **પિરામલ એન્ટરપ્રાઈઝીસનો ઓટીસી વિભાગ તેના બાળ કલ્યાણ વિભાગ મારફત બાળ સંભાળ પ્રોડક્ટોમાં પ્રવેશ કરે છે.**
- **જંગલ મેજિક એ પિરામલ એન્ટરપ્રાઈઝીસ દ્વારા રજૂ કરાનારી સર્વ બાળ સંભાળ પ્રોડક્ટો માટે છત્રછાયા બ્રાન્ડ છે.**
- **જંગલ મેજિક આગામી પથી ૭ વર્ષમાં રૂ. ૧૦૦ કરોડની બ્રાન્ડ બનશે**

જંગલ મેજિક પ્રોડક્ટોની શ્રેણી આજે બાળકોનું પરફ્યુમ છે તે અરોમાથેરપી લાભ આપે છે, જ્યારે બોટલ અજોડ વ્યક્તિભિમુખ રમકડા જેવી જ લાગે છે. તે ફ્રૂટી ફ્રેગ્રન્સીસ સાથે આવે છે, જેમ કે ગ્રીન એપ્પલ, ચોકલેટ અને ઓરેન્જ, જેમાં આલ્કોહોલની માત્રા નજીવી હોય છે. ત્રણ પ્રકારના ફ્રેગ્રન્સીસ ત્રણ પાત્રો ક્રોલી (કેટરપિલર), ડોગી (ડોગ) અને પેન્ગી (પેન્ગ્વિન) આલેખિત કરે છે.

જંગલ મેજિક સ્લેપ- ઓન મોસ્ક્યુટો બેન્ડ્સ એ બેન્ડ્સ પર સામાન્ય સ્લેપ છે, જે બાળકોમાં ભારે ઘેલું છે. રિસ્ટ બેન્ડમાં નૈસર્ગિક સિટ્રોનેલા એસેન્સ છે, જે એવી ફ્રેગ્રન્ટ પેદા કરે છે કે અસરકારક અને ટકાઉ મોસ્ક્યુટો અને ઈન્સેક્ટ રિપેલન્ટ તરીકે કામ કરે છે. વોટરપ્રૂફ સિલિકોન એન્ટી એલર્જી બેન્ડ્સ નાના બાળકો માટે સુરક્ષિત છે અને દરેક બેન્ડ કમસેકમ ૧૫ દિવસ ચાલે છે.

**કન્ઝ્યુમર પ્રોડક્ટ્સઃ**

ઓટીસી વિભાગ ભારતમાં ઘરઆંગણાના ગ્રાહક આરોગ્ય સંભાળમાં ઝડપથી વૃદ્ધિ પામી રહેલી ખેલાડીમાંની એક છે. પોર્ટફોલિયોમાં અગ્રણી બ્રાન્ડ્સમાં લેક્ટો કેલામાઈન, આઈ પ્રોડક્ટ્સ (આઈ-પિલ, આઈ-શ્યોર, આઈ-કેન), સેરિડોન, સુપ્રેક્ટિવ કમ્પ્લીટ, પોલીક્રોલ, ટ્રાઈ-એક્ટિવ, ઈચમોસોલ, જંગલ મેજિક વગેરેનો સમાવેશ થાય છે. વિભાગ પાસે દેશભરમાં એક લાખથી વધુ શહેરોનું આવરણ, ૧,૦૦,૦૦૦થી વધુ લોકો અને હાલમાં સેવામાં ૪,૦૦,૦૦૦ કેમિસ્ટો અને જનરલ સ્ટોર્સ સાથે ઉદ્યોગમાં સૌથી વિશાળ ક્ષેત્ર બળ છે.

**પિરામલ એન્ટરપ્રાઈઝીસઃ**

પિરામલ એન્ટરપ્રાઈઝીસ લિ. પિરામલ ગ્રુપની ફ્લેગશિપ કંપની છે અને તે મોજૂદ છે એ વેપાર ક્ષિતિજમાં વૈશ્વિક આગેવાન છે, જેમાં આરોગ્ય સંભાળ, જીવન વિજ્ઞાન, માહિતી વ્યવસ્થાપન, મૂડી અને સંરક્ષણનો સમાવેશ થાય છે. તે ૧૯૮૮થી ૨૪ ટકા સીએજીઆરના વૃદ્ધિના ટ્રેક રેકોર્ડ સાથે ભારતની સૌથી વિશાળ ખાનગી ક્ષેત્રની કંપનીમાંની એક છે. ૨૦૧૦માં તેણે એબોટ સાથે ફાર્માયુટિકલ ઉદ્યોગનો અત્યંત ઐતિહાસિક સોદો પૂર્ણ કર્યો હતો, જેમાં ઘરઆંગણાના રચનાનો વેપાર અભૂતપૂર્વ ૯૬ સેલ્સ અને આશરે ૩૦૬ ઈબીઆઈટીડીએ મૂલ્ય કરાયો હતો.

# નક્સલવાદનો રૂંવાડા ઉભો કરે દે તેવો લોહિયાળ ઈતિહાસ

છત્તીસગઢના સુકમામાં થયેલા નક્સલી હુમલામાં આશરે ૨૯ લોકોનાં મોત થયાં છે. આ નકસ્લી હુમલાથી ફરી એકવાર હિંસાની ભયાનકતાનું વરવું સ્વરૂપ દેશે અનુભવ્યું છે. દિવસે દિવસે વિકરાળ થઈ રહેલા આ નક્સલવાદના મૂળ આમ તો ૫૦ વર્ષ જૂના છે. અને પશ્ચિમ બંગાળના નાનકડા ગામમાંથી જન્મેલો નક્સલવાદ આજે પૂરા ઉત્તર-પૂર્વ ભારતમાં કરોળિયાના જાળાની જેમ ફેલાઈ ચૂક્યો છે.ભારત દેશમાં નક્સલી હિંસાની શરૂઆત આશરે ૧૯૬૭માં પશ્ચિમ બંગાળના નક્સબારીથી થઈ હતી. આ ગામના નામ પરથી જ આ આંદોલનને નક્સલવાદ નામ મળ્યું હતું. એ સમયે તો પોલીસ નાનકડા ગામના વિદ્રોહને કચડી નાખવામાં સફળ રહી હતી. પરંતુ કોને ખબર હતી કે આ વિદ્રોહ દબાવવાને બદલે વધુ ભડકશે. વિદ્રોહના દશક પછી મધ્ય અને પૂર્વ ભારતના અનેક વિસ્તારોમાં નક્સલી જૂથોનો પ્રભાવ વધી ગયો હતો. જેમાં ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, બિહાર, છત્તીસગઢ અને આંધ્ર પ્રદેશ જેવા રાજ્યોનો સમવેશ થાય છે. આ દશકોમાં નક્સલવાદીઓ અને સુરક્ષાબળો વચ્ચે અનેક વાર અથડામણ થઈ અને અનેક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો...મનાઈ રહ્યું છે કે ભારતના ૬૦૦થી વધારે જિલ્લાઓમાંના એક તૃતિયાંશ ભાગના વિસ્તારો નક્સલી સમસ્યાથી પ્રભાવિત છે.વિશ્લેષકો માને છે કે નક્સલવાદને સ્થાનિક સ્તર પર તમામ પ્રકારનું સમર્થન મળી રહ્યું છે. જેના કારણે આજે નક્સલવાદ દેશ સામે એક વિકરાળ સમસ્યા બનીને ઊભો છે. ગરીબ આદિવાસીઓના નામે નક્સલીઓ હિંસાનું તાંડવ મચાવી રહ્યાં છે.નક્સલીઓનું કહેવું છે કે તેઓ દશકોથી કચડાયેલા અને અવમાનનો ભોગ બનેલા આદિવાસીઓ માટે લડી રહ્યા છે. નક્સલીઓનો દાવો છે કે તેઓ જમીનના અધિકાર અને સંસાધનોના વિતરણના સંઘર્ષ મામલે સ્થાનિક સરકારનું પ્રતિનિધિત્વ કરે છે.નક્સલીઓ એક કમ્યુનિસ્ટ સમાજની સ્થાપના કરવા ઈચ્છે છે. આમ તો તેનો પ્રભાવ આદિવાસી વિસ્તારો સુધી જ સિમિત છે. શહેરી વિસ્તારોમાં નક્સલીઓને હિંસક માનવામાં આવે છે. સરકાર આ નક્સ્લવાદ સામે આકરા પગલાં ભરવાને મુદ્દે હંમેશા દ્વિધામાં રહે ઝછે કારણકે આ આંદોલનને લોકોનો ટેકો છે અહીનાં આદિવાસીઓ સરકારી તંત્રનાં અત્યાચારને કારણે તેમને મદદ કરી રહ્યા છે આથી જ એન્ટોનીએ આટલો ભયંકર હુમલો કરાયો છતા ત્યાં લશ્કર મોકલવાનો ઈન્કાર કર્યો છે કારણકે જ્યાં પણ લશ્કર મોકલવામાં આવ્યું છે ત્યાં ઉગ્રવાદીઓનો પ્રભાવ હંમેશા વધી જતો જોવા મળે છે.કાશ્મીર, આસામ અને ઉત્તર પુર્વનાં વિસ્તારો તેના ઉદાહરણ છે.વર્ષ ૨૦૦૭માં છત્તીસગઢમાં પોલીસના એક નાકા પર નક્સલી હુમલામાં ૫૫ જેટલા ભારતીય જવાનોના મોત થયા હતા. વર્ષ ૨૦૦૯માં કોલકાતાથી ૨૫૦ કિલોમિટર દૂર લાલગઢ જિલ્લા પર નક્સલીઓએ આણ વર્તાવી દીધી હતી. માઓવાદીઓએ લોકતાંત્રીક ભારતમાં તેને સ્વતંત્ર જાહેર કર્યો હતો.બાદમાં સુરક્ષાબળોએ નક્સલીઓને માત આપી લાલગઢને ફરી નક્સલમુક્ત કરાવ્યો હતો. વર્ષ ૨૦૧૦માં નક્સલી હુમલાની બીજી એક મોટી ઘટના બની હતી. નક્સલીઓએ છત્તીસગઢના ઘટાદાર જંગલમાં સુરક્ષાબળો પર હુમલો કર્યો હતો. જેમાં આશરે ૭૬ સુરક્ષાકર્મીના મોત થયા હતા.વર્ષ ૨૦૦૭, ૨૦૦૯ અને ૨૦૧૦માં પણ નક્સલીઓએ કાળો કેર વર્તાવ્યો હતો. વર્ષ ૨૦૧૧માં પશ્ચિમ બંગાળમાં થયેલી અથડામણમાં નક્સલીઓના પ્રમુખ નેતા કિશનજીનું મોત થયું હતું. કિશનજીનું મોત નક્સલીઓ માટે એક મોટો ઝટકો સાબિત થયું હતું. તો નક્સલી પ્રમુખના મોતને સુરક્ષાકર્મીની જીતના સ્વરૂપમાં જોવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૨ નક્સલીઓએ છત્તીસગઢના સુકમાના જિલ્લા અધિકારી એલેક્સ પૉલ મેનનનું અપહરણ કર્યુ હતું. તેર દિવસ સુધી ચાલેલા નાટકીય પ્રકરણ બાદ મેનનને મુક્તિ તો મળી પણ અમુક શરતો પર નક્સલીઓએ પોતાની હાજરીની યાદ સરકારને અપાવવા સમયાનુસાર હુમલાઓ કરતા રહ્યા છે. વર્ષ ૨૦૧૩ છત્તીસગઢના સુકમામાં કોંગ્રેસની પરિવર્તન યાત્રા પર હુમલો કર્યો. જેમાં કોંગ્રેસના ચાર મોટા નેતાઓ સહિત અનેક કાર્યકરોનાં મોત થયા.નક્સલીઓના દાવાઓ મુજબ તેઓ ગરીબ અને કચડાયેલા આદિવાસીઓના હક માટે લડી રહ્યા છે.પણ આ દાવાઓ કરનાર નક્સલીઓ અને સરકાર વચ્ચેના ઘર્ષણમાં સૌથી વધારે વેઠવાનું ગરીબ આદિવાસીને ભાગે જ આવે છે. સુરક્ષાકર્મીઓ આદિવાસીઓને નક્સલી સમજીને ઠાર કરે છે તે નક્સલીઓ તેમને પોલીસના ખબરી માનીને મોતને ઘાટ ઉતારે છે.

તેમાંય સુરક્ષા કર્મીઓ તો અહી વધારે રહેતા નથી તેમને નક્સલવાદીઓ સાથે જ રહેવાનું આવે છે અને તેઓ તેમનામાંનાં એક છે અને તેઓ એ લોકોને મોતને ઘાટ ઉતારે છે જેઓ કથિત રીતે આદિવાસીઓનાં અધિકારોનું હનન કરી રહ્યા હોય છે આથી અહી નકસલવાદીઓ આતંકવાદીઓ નહી પણ તેમનાં માટે વિપ્લવકારીઓ છે.છત્તીસગઢમાં કૉંગ્રેસની પરિવર્તન રેલીના કાફલા પર થયેલા હુમલામાં ૨૮ વ્યક્તિનાં મૃત્યુની ઘટના ખૂબ જ ગંભીર બાબત છે. નકસલવાદીઓ મોકો જોઈને ત્રાટકે છે અને તેમનું આયોજન વ્યવસ્થિત હોય છે. તેમને શસ્ત્રો પૂરા પાડવામાં પાડોશી રાષ્ટ્ર પર હંમેશા આંગળી ચિંધાય છે.નક્સલવાદ સામાન્ય રીતો એવાં રાજ્યોમાં જ વકરેલો છે કે જ્યાં વિકાસ નથી અને તેના કરતાં પણ એક કદમ આગળ વધીનો કહીએ તો એવાં રાજ્યોમાં વકર્યો છે કે જ્યાં આદિવાસીઓની વસતી વધારે છે. છત્તીસગઢ, ઝારખંડ, આંધ્ર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં તેમણે રાડ પોકરાવી દીધી છે.આ કોઇ બાહ્ય વ્યક્તિઓ નથી પણ ભારતીય નાગરિકો જ છે જેમણે સત્તાની સામે શસ્ત્રો ઉઠાવ્યા છે આપણે તેને ઉગ્રવાદ અને આતંકવાદ કહીએ છીએ. તેમના દ્વારા આચરાતી હિંસાને તો મીડિયામાં પુરેપુરૂ સ્થાન મળે છે પણ સત્તા દ્વારા આચરાતા અત્યાચારોને એ રીતે સ્થાન મળતુ નથી જે રીતે મળવું જોઇએ.તેને હંમેશા એ રીતે ખપાવી દેવાય છે કે સુરક્ષાદળોએ કેટલાક માઓવાદીઓને ઝડપ્યા કે તેમને ઠાર કર્યા તેમને બળઝબરી આતંકવાદી જાહેર કરાય છે તેમને તેમના ગામોમાં જઇને ઠાર કરાય છે ક્યારેક તેમની નજરો સામે જ તેમની બહેન,દીકરી, માતા અને પત્નીઓ પર બળાત્કાર કરાય છે પાશવતા આચરવામાં આવે છે, કાયદાના નામે તેમના ઘરબાર અને જમીન છિનવી લેવાય છે આ વાતો ક્યારેય મીડિયામાં આવતી જ નથી આવે છે તો એ વાતો કે કઇ રીતે માઓવાદીઓ કે નક્સલવાદીઓએ કેટલાક અધિકારીઓ અને નેતાઓને ક્રુરતા પુર્વક મોતને ઘાટ ઉતાર્યા. આટલા રાજ્યોમાં તેમનો પ્રભાવ છે ત્યારે એ વિચારવુ જ રહ્યું કે કેમ તેમને સત્તાની સામે શસ્ત્ર ઉઠાવવાની ફરજ પડી છે.તેનું કારણ એ છે કે આ રાજયોમાં આદિવાસીઓ વરસોથી આદિવાસીઓ જ રહી ગયા છે. દુનિયા આગળ વધી ગઈ નેએ લોકો પછાત જ રહી ગયા.તેમને નથી બે ટંક સરખું ખાવાનું મળતું કે નથી બહારની દુનિયાની જેમ બીજી સવલતો મળતી. એ લોકોના જન્મારા પર જન્મારા શોષણ નૈ અત્યાચારો સહન કરવામાં જ વિત્યા છે. બાકી હતું તે રાજકારણીઓની લાલચે પુરૂ કરી નાંખ્યું છે. આ જંગલોમાં પુષ્કળ પ્રમાણમાં ખનિજો છે નૈ રાજકારણીઓનો ડોળો તેના પર છે. એ લોકો પોતાના મળતિયાઓને આ ખનિજોના ભંડાર અપાવવા જંગલો ભાંગી રહ્યાં છે ને તેના કારણે આદિવાસીઓ નિરાંતે રહી શકે તેવો માહોલ જ નથી રહ્યો. આ બધાના કારણે અસંતોષની આગ ભડકી છે તેનો લાભ ઉઠાવવા તેમના હાથોમાં બંદૂકો પકડાવી દેવાઈ છે. સરકારમાં બેઠેલા લોકો આ હાથોમાં પેન કે કામ કરવાનાં ઓજાર પકડાવે તો એ લોકો બંદૂકો મૂકી દે પણ કમનસીબી એ છે કે સરકારમાં બેઠેલા લોકોની દાનત ખોરી છે. તેમને પોતાના મળતિયાઓનો લાભ ખટાવવામાં રસ છે પણ આદિવાસીઓનો આગળ લાવવામાં રસ નથી. તમે વિકાસ કરો તો કોઈ બંદૂક ન પકડે એ સામી ભીંતે લખાયેલું સત્ય છે ને તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગુજરાત છે. ગુજરાતમાં આદિવાસીઓની વસતિ નોંધપાત્ર છે. ગુજરાતની કુલ વસતિમાં આદિવાસીઓનું પ્રમાણ વીસેક ટકા હશે છતાં ગુજરાતમાં નક્સલવાદ નથી વકર્યો. કેમ ? કેમ કે અહીં વિકાસ છે. આદિવાસી વિસ્તારોમાં પણ એ બધી જ સવલતો છે કે જે બીજે બધે છે. લોકોનો બે ટંક ખાવા મળે છે ને મોજથી રહેવા

અનુસંધાન પાના નં. ૩ પર

# હોલીડેઆઈક્યુ.કોમ અમદાવાદમાં ઉનાળાની રજાઓ માટેનો વરતાર અગેવાલ જારી કરે છે

## ૫૦ લાખથી વધુ અજોડ ભારતીય મુલાકાતીઓ દ્વારા અમદાવાદના ઉનાળુ પ્રવાસના પ્રવાહો પર ખાસ અધ્યયન

**અમદાવાદ, મે ૨૦૧૩ઃ ભારતનો પ્રથમ અને સૌથી વિશાળ પ્રવાસી સમુદાય દ્વારા પાવર્ડ હોલીડે રિવ્યુ વેબસાઈટ હોલીડેઆઈક્યુ.કોમ દ્વારા અમદાવાદ માટે તેનો નવો અને ખાસ પ્રવાસ ચાતુર્યતા પરનો અહેવાલ જારી કરાયો છે. હોલીડેઆઈક્યુ.કોમ ઈનસાઈટ્સઃ સમર હોલીડેઝ પ્રેડિકશન રિપોર્ટ નામે આ અહેવાલમાં ગત વર્ષની તુલનામાં એપ્રિલ-મે ૨૦૧૩ના સમયગાળામાં જોવા મળેલા અમુક રસપ્રદ પ્રવાહોનું વિશેષ વિશ્લેષણ છે. આ અધ્યયન દર મહિને હોલીડેઆઈક્યુ.કોમ પર તેમની રજાઓનું નિયોજન કરતા ૫૦ લાખ અજોડ ભારતીય મુલાકાતીઓની ઓન-સાઈટ એકશન્સ પર આધારિત છે.**

**અહેવાલમાં એવું બહાર આવ્યું છે કે ગત એક વર્ષમાં અમદાવાદમાં ઉનાળુ પ્રવાસીઓનું રાત્રિ દીઠ વ્યક્તિ દીઠ બજેટ ૫૯ ટકા વધીને રૂ. ૩૦૮૩ થયું છે. જોકે પ્રવાસી જૂથોનો આકાર ગત વર્ષે જૂથ દીઠ ૬.૬ વ્યક્તિ પરથી જૂથ દીઠ ૫.૪ વ્યક્તિ એમ ઘટ્યો છે. કુટુંબ અને જૂથ પ્રવાસીઓનો હિસ્સો પણ ગત વર્ષે ૮૦ ટકા પરથી ૫૯ ટકાએ નીચે આવ્યો છે.**

**અધ્યયન અનુસાર અમદાવાદથી ૯૪ ટકા ઉનાળુ પ્રવાસીઓ ગુજરાતની બહાર પ્રવાસ કરે છે. ઉપરાંત ૭૪ ટકા પ્રવાસી પશ્ચિમ ભારતની બહારનાં સ્થળે પ્રવાસ કરે છે. ઉપરાંત અહેવાલ અમદાવાદના રજાના નિયોજનનું બજેટ પણ આલેખિત કરે છે, જેમાં બાળકો સાથેનું બજેટ એ બાળકો વિનાની નિયોજિત રજાઓના બજેટ કરતાં ૬૭**

**અનુસંધાન પાના નં. ૩ પર**

## આધુનિકતા સાથે આરામદાયક, આનંદદાયક અને અદભૂતતાનો સમન્વય પુંરો પાડતી

# ભવ્ય 'અલોફ્ટ' હોટલ ખુલી રહી છે, અમદાવાદમાં



**લોફ્ટ સ્ટાઈલ ડિઝાઈન સાથેના આકર્ષક રૂમો અને વા અનેક ફીચર્સ સાથજે તમામ સુવિધાઓ અને સગવડતાઓ**

અમદાવાદ તા. ૨૮ મે, ૨૦૧૩વિશ્વમાં ૧૦ દેશોમાં ૬૦ થી વધુ હોટલ સાથે કાર્યરત અગ્રણી સ્ટારવૂડ હોટેલ્સ એન્ડ રિસોર્ટ ગ્રુપ દ્વારા અમદાવાદા ખાતે હોટલ ઈન્ડસ્ટ્રીઝની કાયાપલટ કરનારી બ્રાન્ડ એવી અલોફ્ટ હોટલ્સ શરુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી, તેમ જ લકઝુરિયટસ એવી આ હોટલનું ભવ્ય સમારોહ સાથે લોન્ચિંગ કરવામાં આવેલ હતું. આ હોટલ આકર્ષક ડિઝાઈન, મ્યુજિક એન્ડ ટેકનોલોજી સહિતના અનેક નવા ફીચર્સ સાથે શરુ થઈ રહેલ છે. સ્ટરવૂડ ગ્રુપની ભારતના ઝડપથી વધતા હોસ્પિટાલિટી માર્કેટમાં આ પાંચમી હોટલ છે.

હાલ અલોફ્ટ બ્રાન્ડ દક્ષિણ ભારતમાં તેનો પગદંડો જમાવ્યો છે અને હાલ દક્ષિણના રાજયોમાં અલોફ્ટ ચેન્નાઈ, ઓ એમ આર આઈ ટઊી એકસપેરેસવે, આલીટ બેંગાલુરુ વ્હાઈટ ફિલ્ડ અને અલોફ્ટ કોઈસમ્બતોર સિન્ગાનલ્લુર સહિતના શહેરાં સરી એવી માર્કેટ વેલ્યુ સાથે લોકપ્રિયતા ધરાવે છે. અમદાવાદમાં ગાંધીનગર અને અમદાવાદને જોડાતા મેઈન હાઈવે એવા એસ. જી. હાઈસવે પર આ હોટલ ઉભી કરવામાં આવી છે જે ૧૭૬ રૂમ સાથે ભારતના સૌથી વધુ ઔદ્યોગિક વીકાસ પામેલ રાજય ગુજરાત માટે લેન્ડમાર્ક હોટેલ બનશે.

સ્ટઊારવૂડનફી પસ.ંદગીના બ્રાન્ડસના સીનિયર વાઈસ. પ્રેસિડેન્ટ બ્રેઈસન મેકગીનેસે જણાવ્યું હતું કે અલોફ્ટ ટેકનોસાવી ફીચર્સ અને વાઈબ્રન્ટ સોશિયલ એટમોસ્ફિયર સાથે ડિઝાઈન અને એટ્રેક્ટીવનેસ પર ખૂબ ધ્યાન આપે છે, જયારે આ અંગે સ્ટારવૂડ એશિયાના પેસ.ફિક ીહોટેલ્સ એન્ડ રિસોર્ટસ પ્રા. લી. ના ભારત ખાતેના એમ ડી અને સાઉથ એશિયાનારીજનલીવાઈસ પ્રેસિડેન્ટ દિલિપ પુરીએ જણાવેલ કે અમે ભારતમાં અમારી આલોફ્ટ બ્રાનડના વિકાસ અને વિસ્તાર માટે ખૂબ જ તકો અને ક્ષમતાઓ નિહાળી રહેલ છીએ.

અલોફ્ટ હોટલ અંગે હોટલ ડેવપલમેન્ટ કંપની એરોમેટ્રિક્સ હોલ્ડિંગ પ્રા. લી. ના ચેરમેન કુમાર સિતારામને જણાવેલ કે ભારતમાં મધ્યમવર્ગથી માંડી બિઝનેસમેન્સ અને વૈશ્વિક મુંસાફરો માટે અર્બનેજ અને ટેકનોસાવી ફીચર્સ સાથે બેસ્ટ સર્વિસ પંરી પાડે છે.

**Printed, Published and Owned by Shri Narendra Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079- 27451449, (M) 9825065387**

# વિન્દુનું અભી બોલા અભી ફોક : મયપ્પનને નિર્દોષ ગણાવ્યા

**સ્પોટ ફિક્સિંગમાં અભિનેતા વિંદુ સેક્સ કૌભાંડમાં પણ સંડોવાયેલો હોવાનું પોલીસના ધ્યાનમાં આવ્યું : ક્રિકેટર કે અમ્પાયરને ખુશ કરવા માટે મોડલ્સને અલગ અલગ હોટલમાં મોકલતો**

**મુંબઈ, તા. ૨૮**

મુંબઈ પોલીસ કસ્ટડીમાં રહેલા અભિનેતા વિંદુ દારાસિંઘે ચેન્નાઈ સુપરકિંગના સીઈઓ ગુરૂનાથ મયપ્પનને નિર્દોષ ગણાવ્યા છે. અગાઉ તેણે મયપ્પનક્રિકેટના સટ્ટામાં ગળાડૂબ હોવાનું જણાવી તેના માટે મુશ્કેલી ઉભી કરી દીધી હતી.પરંતુ હવે વિંદુએ પોતાનું નિવેદન ફેરવી તોળ્યું છે. બીજીબાજુ વિંદુને આજે વધુ ત્રણ દિવસના રિમાન્ડ ઉપર લેવામાં આવ્યો છે.વિંદુએ આજે કહ્યું હતું કે મેચ ફિક્સિગં કે સટ્ટાકાંડમાં ગુરૂનાથ મયપ્પનનો કોઈ હાથ નથી.

સ્પોટ ફિક્સિગંમાં અભિનેતા વિંદુ સેકસ કૌભાંડમાં પણ સંડોવાયેલો હોવાનું પોલીસના ધ્યાનમાં આવ્યું છે.શ્રીસંથ, અજીત ચંદેલા અને અંકિત ચવ્હાણે જામીન ઉપર છૂટવા અરજી પણ કરેલી છે. શ્રીસંથે પોતાની જામીન અરજીમાં પોતે નિર્દોષ હોવાનું જણાવી જામીન પર છોડવાની અપિલ કરી છે.તો અંકિત ચવ્હાણે પોતાના લગ્ન નક્કી થઈ ગયા હોય જામીન ઉપર છોડવા માગણી કરી છે. દરમિયાન મુંબઈ ક્રાઈમ બ્રાંચના સુત્રોએ એવો દાવો કર્યો છે કે વિંદુ દારાસિંઘ કોઈ ક્રિકેટર કે અમ્પાયરને ખુશ કરવા માટે જે મોડલ્સને અલગ અલગ હોટલમાં મોકલતો હતો.તે મોડલને એક રાત માટે એક લાખ રૂપિયા આપતો હતો. પોલીસ પાટે જે ફુટેજ આવ્યા છે તેના આધારે પોલીસ આવો દાવો કરી રહી છે.ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના સ્પોટ-ફિક્સિગં કૌભાંડના સંબંધમાં આઈપીએલની પાંચ ટીમના છ ખેલાડી દિલ્હી પોલીસના રડાર પર હોવાનું કહેવાય છે. દરમિયાન, ગોવા પોલીસે દિલ્હી પોલીસ પાસેથી મળેલી માહિતીને આધારે સોમવારે છ બૂકીની ધરપકડ કરી હતી. આમાંના બેએ પાકિસ્તાન પણ ફોન કરેલા.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે આ છ ખેલાડી મુંબઈ ઈન્ડિયન્સ, રોયલ ચેલેન્જર બેંગલોર, રાજસ્થાન રોયલ્સ, કિંગ્સ ઈલેવન પંજાબ અને દિલ્હી ડેરડેવિલ્સની ટીમના હોવાનું કહેવાય છે.

દિલ્હી પોલીસ આમિર અને સંજય અગરવાલ નામનાં બે બુકીની તલાશમાં છે.અને તેના માટે દરોડા પાડવામાં આવી રહ્યા છે.

પોલીસ દાવો કરે છે કે આ બન્ને સટ્ટેબાજ આઈપીએલના ખેલાડીઓની સાથે સીધો સંબંધ ધરાવે છે.દિલ્હી પોલીસ વધુ ત્રણ ફિક્સર ક્રિકેટરને શોધતી હોવાનું પણ કહેવાય છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે ગોવા પોલીસને અમુક બૂકીની હિલચાલને લગતી માહિતી આપી હતી.

# ભારત ફરી એકવાર ઉચ્ચ વિકાસ દર પરત મેળવશે : મનમોહન

**જાપાનમાં ઉદ્યોગ જગતની હસ્તીઓને સંબોધતા મનમોહન સિંહે ભારત આઠ ટકાનો વિકાસ દર પરત મેળવશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો**



**ટોકિયો, તા. ૨૮**

અર્થવ્યવસ્થામાં સુસ્તીને અસ્થાયી ઠેરવતા પ્રધાનમંત્રી મનમોહન સિંહે કહ્યું કે ભારતનો આધારે મજબૂત છે અને દેશ ટૂંક સમયમાં જ આઠ ટકાના વિકાસ દરના માર્ગે પરત ફરશે. ઉદ્યોગ મંડળ નિપ્પન કેઈદાનરેન દ્વારા આયોજિત ભોજન બેઠક દરમ્યાન જાપાનના અગ્રણી ઉદ્યોગપતિઓને સંબોધતા સિંહે આશા વ્યક્ત કરી કે ૨૦૧૩-૧૪માં આર્થિક વૃદ્ધિ દર સુધરીને છ ટકાની આસપાસ પહોંચશે. ગત નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં વિકાસ દર દાયકાની નીચલી સપાટી પાંચ ટકાએ રહેવાનું અનુમાન છે. સિંહે કહ્યું કે ગત નાણાંકીય વર્ષમાં ધીમો વિકાસ દર અસ્થાયી સુસ્તી છે. ગત એક દાયકા દરમ્યાન ભારતીય અર્થવ્યવસ્થા સરેરાશ આઠ ટકાના દરે વધી છે. જાપાનની ત્રણ દિવસીય યાત્રાએ આવેલા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે આર્થિક આધાર હજી કાયમ છે. એવામાં અમને વિશ્વાસ છે કે અમે આઠ ટકાનો વિકાસ દર પરત મેળવી લઈશું. પ્રધાનમંત્રીએ ઉદ્યોગ જગતની હસ્તીઓને ખાતરી આપી કે ભારત વિદેશી રોકાણને આકર્ષવા માટે વધારે પગલાં ભરી રહ્યું છે. સિંહે કહ્યું કે અમે રોકાણ વધારવા માટે તેના પ્રોત્સાહન વધારવા માટે પગલાં ભર્યા છે. અમે મલ્ટિનેશનલ રિટેલ સેક્ટર, વીજ એક્સચેન્જો અને નાગર વિમાનન ક્ષેત્રમાં વિદેશી રોકાણને ઉદાર બનાવ્યું છે. તેને વધારે તર્કસંગત અને સરળ બનાવવાની યોજના છે. અમે આર્થિક બજારમાં વધારે સુધારા રજૂ કર્યા છે.

# ચોથા ત્રિમાસિક પરિણામ : પીએસયુ કરતાં ખાનગી બેન્કોનો દબદબો

**પીએસયુ બેન્કો રિસ્ક મેનેજમેન્ટ અને રિકવરીના મોરચે સારી કામગીરી દર્શાવી શકી નથી : જાન્યુઆરીથી માર્ચના ક્વાર્ટરમાં ધિરાણ અને થાપણોમાં વૃદ્ધિના મોરચે જોઈએ તો ખાનગી ધિરાણદારો સારી કામગીરી બજાવી શક્યા છે**

**મુંબઈ, તા. ૨૮**

ખાનગી ક્ષેત્રની બેન્કોએ નફાકારકતા અને અસ્કામત ગુણવત્તાના મોરચે પીએસયુ બેન્કોને મહાત કરવાનું ચાલુ રાખ્યું છે.

આ દર્શાવે છે કે પીએસયુ બેન્કો રિસ્ક મેનેજમેન્ટ અને રિકવરીના મોરચે સારી કામગીરી દર્શાવી શકી નથી તેમ વિશ્લેષકોએ જણાવ્યું હતું.

જાન્યુઆરીથી માર્ચના ક્વાર્ટરમાં ધિરાણ અને થાપણોમાં વૃદ્ધિના મોરચે જોઈએ તો ખાનગી ધિરાણદારો સારી કામગીરી બજાવી શક્યા છે. નબળા અર્થતંત્ર અને થંભી ગયેલી ધિરાણ માંગની વચ્ચે પણ અસ્કામતોમાં રિકવરી જોવા મળી છે.

રિસ્ટ્રક્ચર્ડ અને નાદારોની સંખ્યા ઐતિહાસિક રીતે ઊંચી સપાટીએ જોવા મળી છે પણ મુખ્યત્વે પબ્લિક સેક્ટર બેન્કોમાં જ તેનું ઊંચું પ્રમાણ જોવા મળ્યું છે. બેન્કોની બેલેન્સશીટ વિપરીત પરિણામો આપવા માંડી છે. વિશ્લેષકો અને કેટલાક વરિષ્ઠ પીએસયુ બેન્કરો આ માટે નબળા રિસ્ક મેનેજમેન્ટ કૌશલ્ય, સરકારી માલિકીની બેન્કોના સંચાલનમાં બિનજરૂરી રાજકીય દરમ્યાનગીરીના લીધે આ સ્થિતિ થઈ હોવાનું કહે છે.

ઉદ્યોગની અગ્રણી બેન્ક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)એ ૨૦૧૨-૧૩માં ચોથા ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૯ ટકા ઘટાડો નોંધાવતા તે રૂા. ૩૨૯૯ કરોડ થયો છે.

આમ એસબીઆઈએ છેલ્લા બે વર્ષમાં પ્રથમ વખત ત્રિમાસિક ધોરણે ચોખ્ખા નફામાં ઘટાડો નોંધાવ્યો છે. બીજી બેન્કો જેવી કે બીઓબી, પીએનબી અને બીઓઆઈએ પણ તેના ત્રિમાસિક નફામાં નોંધપાત્ર ઘટાડો નોંધાવ્યો છે.

પણ તેનાથી વિપરિત ખાનગી ક્ષેત્રની હરીફ બેન્કો આઈસીઆઈસીઆઈ બેન્ક અને એચડીએફસી બેન્કે સ્થિર દરે એસેટ ગુણવત્તામાં ઊંચી નફાકીય વૃદ્ધિ નોંધાવી છે.

એસબીઆઈની કુલ એનપીએ (નોન પર્ફોર્મિંગ એસેટ્સ) આ ક્વાર્ટર દરમ્યાન ૪.૪૪ ટકાથી વધીને ૪.૭૫ ટકા થઈ છે. બેન્કની ચોખ્ખી વ્યાજ આવક ૪.૪૨ ટકા ઘટી રૂા. ૧૧,૫૯૧ કરોડ થઈ છે, જ્યારે ચોખ્ખુ વ્યાજ માર્જિન ૩.૩૪ ટકા ઘટીને ૧૩.૨ ટકા પર પહોંચી ગયું છે.

આ ઉપરાંત નફામાં નોંધપાત્ર ઘટાડો નોંધાવનારી પીએસયુ બેન્કોમાં અલ્હાબાદ બેન્ક, યુનાઈટેડ બેન્ક, આઈઓબી, આઈડીબીઆઈ બેન્કનો સમાવેશ થાય છે.

સરકારી બેન્કના ભૂતપૂર્વ વડાએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે પીએસયુ બેન્કોને તેમની દૈનિક પ્રવૃત્તિઓ માટે વધારે સ્વતંત્રતા આપવી જોઈએ. પ્રોત્સાહનની વાત આવે ત્યારે પીએસયુ બેન્કોમાં તો તે જોવા જ મળતું નથી. આ બાબત બેન્કરોને સારી કામગીરી બજાવવામાં મદદ કરે છે અને વધારે જવાબદાર બનાવે છે. અહીં કમ સે કમ ઓછામાં ઓછા રાજકીય દરમ્યનાગીરી વધારે અને વ્યાવસાયિક સ્વતંત્રતા હોય તે જરૂરી છે.

# મુકેશ અંબાણીના ઘરે આઈપીએલના વિજયની શાનદાર પાર્ટી

**મુંબઈ, તા. ૨૮**

આઈપીએલ-૬ ટૂર્નામેન્ટમાં મુંબઈ ઈન્ડિયન્સનો શાનદાર વિજય થતાં મુંબઈ ઈન્ડિયન્સ ટીમ અને ટીમના માલીક ખુશખુશાલ છે.

ગઈ રાત્રે ટીમના માલીક નીતા અંબાણીએ ચેમ્પિયનશીપ મેળવવા બદલ મુંબઈ ઈન્ડિયન્સ ટીમના માનમાં શાનદાર પાર્ટી રાખી હતી.

આ પાર્ટીમાં રીકી પોન્ટિંગ, સચિન તેંડુલકર અને હરભજનસિંઘ સહિત મોટાભાગના ખેલાડીઓ અને અન્ય સ્ટાર ઉપસ્થિત રહ્યાં હતાં. રાત્રે ૧૦વાગ્યે શરૂ થયેલી આ પાર્ટી ત્રણ કલાક સુધી ચાલી હતી. આ પાર્ટી દરમિયાન ખેલાડીઓએ પોતાની જીતનો ઉત્સવ મનાવ્યો હતો.આ પ્રસંગે આઈપીએલમાંથી સન્યાસ લેનાર માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડિલકરને ફેરવેલ પાર્ટી પણ આપવામાં આવી હતી. આ પાર્ટીમાં સચિન તેંડુલકર પત્ની અંજલી, પુત્ર અર્જુન અને પુત્રી સારા સાથે આવ્યો હતો.

દરમિયાન કોલકાતામાં રમાયેલી આઈપીએલ-૬ની ફાઈનલમાં નીતા અંબાણી પરિવારે ક્રિકેટ કરતા પોતાના પુત્રોના અભ્યાસને વધુ મહત્વ આપ્યું હતું અને ન્યૂયોર્કમાં પોતાના પુત્ર આકાશ અને પુત્રી ઈશાના પદવીદાન સમારોહમાં હાજરી આપવા માટે ગયા હતા. મુંબઈ ઈન્ડિયન્સની જીત થતાં જ નીતા અંબાણીએ ટીમના સભ્યોને ફોન કરીને અભિનંદન આપ્યા હતા.

# રસોઈ ગેસના ભાવ દર ત્રણ મહિને વધારવાની હિલચાલ

**નવીદિલ્હી, તા. ૨૮**

પેટ્રોલ અને ડિઝલ બાદ હવે નેચરલ ગેસના ભાવ લોકોની રસોઈનું બજેટ બગાડશે તેવું લાગે છે.નેચરલ ગેસની કિંમતને પણ ઉદાર બનાવવાની વિચારણા ચાલી રહી છે. જો આ અંગેનો પ્રસ્તાવ પાસ થાય તો કુદરતી ગેસની કિંમતો દર ત્રણ મહિને વધી શકે છે. લોકો માટે રસોઈ હવે કદાચ કડવી બને તો નવાઈ નહિં તેવા અણસાર છે.

પેટ્રોલિયમ મંત્રાલયે ગત ૧૪મી મેના રોજ આર્થિક બાબતોની કેબિનેટ કમિટીને એક નોટ મોકલી છે જેમાં આવા સુધારાત્મક પગલાંઓની ભલામણ છે અને ગેસના ભાવ માળખાને ઉદાર બનાવવાની વાત છે.

અત્યારે સ્વદેશી નેચરલ ગેસની કિંમત ૪.૨ ડોલર પ્રતિ એમબીટીયુ છે. મિલિયન મેટ્રીક બ્રિટીશ થર્મલ યુનિટ એક માપનું નામ છે જે એમબિટીયુના શોર્ટ નામે ઓળખાય છે. કેબિનેટ કમિટીને મોકલાયેલા પ્રસ્તાવમાં એવો ઉલ્લેખ છે કે ગેસના ભાવને દર ત્રણ મહિને વધારવા જોઈએ. પેટ્રોલ-ડીઝલની જેમ ભાવની વધઘટ થશે કે કેમ... તે અંગે કોઈ ચોખવટ નથી.

આ પ્રસ્તાવને કેબિનેટની લીલીઝંડી મળી ગયા બાદ નેચરલ ગેસની કિંમત દર ત્રણ મહિને અપડેટ થશે અને તેમાં સંભાવતઃ વધારો થશે તે મનાય છે. ગેસના ભાવમાં વધારાનો સીધો જ અર્થ થાય છે વીજળીના ખર્ચમાં વધારો.

જો આમ થાય તો પાઈપલાઈનથી મળતા ગેસના ભાવ પણ વધી જશે એજ રીતે સીએનજી પર દોડતા વાહનોના ખર્ચમાં વધારો થઈ જશે. આમ જનતા પર તો ડબલ જ માર જ રહેવાનો ડર છે. બીજીબાજુ ફર્ટીલાઈઝર ઉત્પાદનનો ખર્ચ પણ વધી જવાનો ભય છે જે યુરીયાના ખર્ચને વધારશે.

# વડોદરા સેન્ટ્રલ જેલમાં પાકા કામનાં કેદી દ્વારા આત્મહત્યાનો પ્રયાસ

**શબ્બીર ૨૦૦૪ની સાલમાં હત્યાના ગુનામાં જેલમાં આજીવન કેદની સજા કાપી રહ્યો હતો**



**વડોદરા, તા. ૨૮**

વડોદરા સેન્ટ્રલ જેલના પાકા કામના કેદીએ આત્મહત્યાનો પ્રયાસ કરતા ખળભળાટ મચી ગયો છે. જો કે જેલ સત્તાધીશો અને પોલીસના નિવેદનમાં વિરોધાભાસે આ મામલાને વધારે ગંભીર બનાવી દીધો છે. જેલ સત્તાધીશો કેદીએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની વાત કરે છે તો સામે પક્ષે રાવપુરા પોલીસ આ મામલાને અકસ્માતમાં ખપાવી રહી છે.

વડોદરા સેન્ટ્રલ જેલમાં હત્યાના ગુનામાં સજા કાપી રહેલા શબ્બીર રફીક શેખ નામના કેદીએ આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. શબ્બીર ૨૦૦૪ની સાલમાં હત્યાના ગુનામાં જેલમાં આજીવન કેદની સજા કાપી રહ્યો હતો અને તે જેલમાં વણાટનું કામ કરતો હતો. તેણે જ્વલનશીલ પદાર્થ પોતાના શરીર પર છાંટીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

હાલ તેની વડોદરાની એસએસજી હોસ્પીટલમાં સારવાર ચાલી રહી છે.જો કે રાવપુરા પોલીસના જણાવ્યા પ્રમાણે, કેદી બીડી પી રહ્યો હતો ત્યારે તેના પર કેરોશીનના છાંટા પડતા તે ગંભીર રીતે દાઝાયો હતો.આમ જેલસત્તાધિશો જેને આત્મહત્યાનો પ્રયાસ ગણાવી રહ્યા છે,

સેન્ટ્રલ જેલના પીએસઆઈ મુકેશ વસાવા પણ કેદીએ આત્મહત્યા કરી હોવાની વાત કરી રહ્યા છે.

જોકે તેને રાવપુરા પીઆઈ અકસ્માત ગણાવી રહ્યા છે.આ ધટનામાં મોટો સવાલ એ ઉઠી રહ્યો છે કે આ આત્મહત્યા છે કે અકસ્માત.હાલ તો અનેક અટકળો વચ્ચે એફએસએલની ટીમે વડોદરા સેન્ટ્રલ જેલમાં આવીને તપાસ હાથ ધરી છે.

# શ્રીસંતના રિમાન્ડ ૪ જૂન અને વિન્દુના ૩૧ મે સુધી વધારવામાં આવ્યા

**ચંદિલા, પટેલ અને અશ્વિનને પણ જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા : તમામને સાકેત કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતાં**



**નવી દિલ્હી, તા. ૨૮**

આઈપીએલ સ્પોટ ફિક્સિંગ મામલે ફસાયેલા રાજસ્થાન રોયલ્સના ક્રિકેટર એસ. શ્રીસંતના આજે સાકેત કોર્ટે ૪ જૂન સુધી પોલીસ રિમાન્ડ પર મોકલી દીધો હતો ત્યાં અભિનેતા વિન્દુ દારાસિંહની ન્યાયિક હિરાસત ૩૧ મે સુધી વધારી દેવામાં આવી. ચંદિલા, પટેલ અને અશ્વિનને પણ હિરાસતમાં મોકલવામાં આવ્યા છે. શ્રીસંત, ચંદિલા, પટેલ અને અશ્વિનને આજે સાકેત કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતાં.

અદાલતે શ્રીસંતને ૪ જૂન સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધો. શ્રીસંતને દિલ્હી પોલીસે સ્પોટ ફિક્સિંગ મામલે ધરપકડ કરી હતી ત્યારબાદથી શ્રીસંત પોલીસ રિમાન્ડ પર હતો. ત્યાં અભિનેતા વિન્દુ દારાસિંહની પણ આ મામલે ધરપકડ કરવામાં આવી હતી. તેના રિમાન્ડ પણ ૩૧ મે સુધી વધારી દેવામાં આવ્યા છે. બીજીતરફ એવો ખુલાસો પણ થયો છે કે આઈપીએલ સ્પોટ ફિક્સિંગ અને સટ્ટાબાજીમાં ઝડપાયેલો વિન્દુ દારાસિંહ ફક્ત સેલિબ્રીટીઓ વતી બુકીની કામગીરી બજાવતો હતો તેવું જ નથી પણ તે એક સેક્સ રેકેટ પણ ચલાવતો હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોના જણાવ્યા અનુસાર તે ક્રિકેટર તથા અમ્પાયને ખુશ કરવા માટે તેમની પાસે હોટેલમાં મોડલ મોકલતો હતો અને આ માટે તે દરેક મોડેલની એક રાત્રી માટે રૂા. ૧ લાખની કિંમત પણ ચૂકવતો હતો.

વિન્દુએ મોકલેલી બે મોડેલના હોટેલ કોરીડોરમાં આવાગમનના સીસીટીવી ફૂટેજ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને મળ્યા છે. જેમાં એક ફૂટેજ જુહુની જોવેટલ હોટેલનો છે. વિન્દુનો મિત્ર તથા બુકી પવન જયપુર રહેતો હતો જ્યારે ફિક્સિંગનો ઘટસ્ફોટ થયો તો વિન્દુએ જ બુકી પવન તથા તેના ભાઈ સંજયને દુબઈ મોકલી આપ્યો હતો. મુંબઈ પોલીસના સૂત્રોએ કહ્યું કે આ બન્ને મોડેલ ઓરિસ્સા અને આંધ્રપ્રદેશની છે અને તે મુંબઈના લોખંડવાળા કોમ્પ્લેક્સમાં રહે છે. પોલીસે આ બન્ને મોડેલની પૂછપરછ કરી હતી. વિન્દુએ પાકિસ્તાનના અમ્પાયર અસદ રઉફને પણ ખૂબસુરત મોડલ પરી પાડી હતી.

# સેન્સેક્સ ૧૩૦ પોઈન્ટ વધ્યો : નિફ્ટી ૬૧૧૧ની સપાટીએ

**હીરો મોટોકોર્પના શેરમાં સાત ટકાની તેજી : ઓઈલ એન્ડ ગેસ, ઓટો અને પીએસયુ ઈન્ડાઈસિસમાં ૧ ટકાથી વધારેની તેજી રહી**

**મુંબઈ, તા. ૨૮**

દિવસભરની સુસ્તી બાદ બજારમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો. રોકાણકારો દ્વારા કરવામાં આવેલી ખરીદીને પગલે કારોબાર પૂર્ણ થતાં સુધી બજારમાં તેજી પરત ફરી હતી. જ્યારે દિવસભર બજાર સમિતિ દાયરામાં કારોબાર કરતાં રહ્યાં.

સેન્સેક્સ અને નિફ્ટી લગભગ અડધા ટકાની તેજી સાથે બંધ થયા. સેન્સેક્સ ૧૩૦ પોઈન્ટ વધીને ૨૦,૧૩૬૧ની સપાટીએ અને નિફ્ટી ૨૮ પોઈન્ટ વધીને ૬૧૧૧ની સપાટીએ બંધ રહ્યાં.

આ ઉપરાંત એશિયન બજારોમાં પણ તેજી જોવા મળી હતી. એકતરફ જાપાનનો નિક્કેઈ લગભગ ૧ ટકા વધીને ૧૪,૩૧૨ની સપાટીએ બંધ થયો ત્યાં બીજીતરફ હેંગસેંગ લગભગ ૧ ટકાની તેજી સાથે ૨૨,૯૨૪ની સપાટીએ બંધ થયો હતો. ત્યાં બીજીતરફ તાઈવાન અને શાંઘાઈના બજારોમાં મિશ્રિત માહોલ જોવા મળ્યો હતો. યુરોપીયન બજારોની શરૂઆતમાં પણ તેજી જોવા મળી હતી. એફટીસઈ, સીએસી અને ડેક્સ સહિત તમામ મુખ્ય યુરોપિયન બજારોમાં જોરદાર તેજી જોવા મળી હતી.

સ્થાનિક બજારમાં હીરો મોટોકોર્પ નિફ્ટીની ટોપ ગેનર રહી. કંપનીના શેરોમાં લગભગ ૭ ટકાની તેજી જોવા મળી હતી. જેપી એસોસિએટ્સ, બીએચઈએલ, કોલ ઈન્ડિયા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરોમાં પણ તેજી રહી હતી. જ્યારે રેનબેક્સીના શેરોમાં લગભગ ૨.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. એલ્ટ્રાટેક સિમેન્ટ, કોટક મહિન્દ્રા બેન્ક, એસબીઆઈ અને સેસા ગોવાના શેરોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. હેલ્થકેર અને બેંકિંગ ક્ષેત્રની કંપનીઓના શેરોમાં વેચવાલી વધવાને પગલે ઈન્ડાઈસિસમાં મામૂલી ઘટાડો જોવા મળ્યો હતો. ઓઈલ એન્ડ ગેસ, ઓટો અને પીએસયુ ઈન્ડાઈસિસમાં ૧ ટકાથી વધારેની તેજી રહી.

# આગામી મહિને પેટ્રોલનાં ભાવોમાં ભારે વધારો થવાનાં અણસાર

**લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર ઓઈલ કંપનીઓને લીટર દીઠ ૪થી ૫ રૂપિયાનો વધારો કરવાની મંજૂરી આપે તે શક્ય જણાતું નથી**

**નવીદિલ્હી, તા. ૨૮**

દર મહિને પેટ્રોલના ભાવમાં વધારો ઘટાડો કરતી ઓઈલ કંપનીઓ હવે આવતા મહિને પેટ્રોલના ભાવમાં એક સાથે ચાર રૂપિયાનો વધારો કરવાની વિચારણા કરી રહી છે. સરકાર ઓઈલ કંપનીઓને ઈથેનોલ મિશ્રીત પેટ્રોલ વેચવા માટે મજબૂર કરી રહી છે અને આ કારણોસર ઓઈલ કંપનીઓ માટે ભાવ વધાર્યા વગર કોઈ છૂટકો નથી. બીજીબીજુ આંતરરાષ્ટ્રીય બજારમાં કાચુ તેલ ફરી મોંઘુ થતાં આગામી ૩૧મી તારીખે ઓઈલ કંપનીઓ પેટ્રોલમાં ૧ રૂપિયો વધારશે તેવું જાણવા મળ્યું છે. ડોલરની સરખામણીમાં રૂપિયાની કિંમત ઓછી થતાં પેટ્રોલ આયાત કરવું ઓઈલ કંપની ઓને મોંઘુ પડી રહ્યું છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર ઓઈલ કંપનીઓને લીટર દીઠ ૪થી ૫ રૂપિયાનો વધારો કરવાની મંજૂરી આપે તે શક્ય જણાતું નથી અને આ બાબત કેન્દ્રિય કેબીનેટ ઉપર છોડવામાં આવશે.

ઈથેનોલ ખાંડની બાય પ્રોડક્ટ છે અને તેને પેટ્રોલમાં મીકસ કરવાથી ભારતમાં ઓઈલ બીલમાં કમી આવશે. ૫ ટકા ઈથેનોલ મીક્સ કરવામાં આવે તો ભારતને ૧૦૫ કરોડ લીટર ઈથેનોલની જરૂર પડે અને આ જથ્થો ઓઈલ કંપનીઓ ડોમેસ્ટીક બજારમાંથી હાંસલ કરી શકશે.

ભારતમાં ઈથેનોલની કિંમત ૩૮થી ૪૫ રૂપિયા પ્રતિલિટર છે. બાકી ઈથેનોલ ૭૦થી ૯૧ રૂપિયા પ્રતિલિટરના ભાવે વિદેશથી આયાત કરવું પડશે જે પેટ્રોલથી પણ મોંઘુ છે.

ગત વર્ષ કેન્દ્ર સરકારે ૩૦ જૂન ૨૦૧૩થી પેટ્રોલમાં ૫ ટકા ઈથેનોલ મિશ્રીત પેટ્રોલ વેચવાનું ફરજીયાત કર્યુ હતું.

૩૦ જૂન નજીક આવી રહી હોવાથી ઓઈલ કંપનીઓ ઈથેનોલના દેશી અને વિદેશી સપ્લોયરો સાથે ચર્ચા પણ કરી રહી છે.ઓઈલ મંત્રાલયે તાજેતમાં પેટ્રોલમાં ઈથેનોલનું ફરજીયાત મિશ્રણ કરવા અંગે કેબિનેય નોટ બહાર પાડી છે. તેમાં એ બાબત પર ભાવ મુકવામાં આવ્યો છે કે આ નિર્ણયથી ઓઈલ કંપનીઓએ ૧૫૦ કરોડ લિટર બાયો ઈધણના બે તૃતીયાંશ હિસ્સાની ઉંચા ભાવે આયાત કરવા પડશે.

સરકાર અને ઉદ્યોગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલના ભાવ વધારાના કારણે અને ડોલર સામે રૂપિયો ઘસાવાથી ઈંધણ રિટેલર્સ પેટ્રોલના ભાવમાં ચાલુ મહિને લિટર દીઠ ઓછામાં ઓછા એક રૂપિયાનો વધારો કરે તેવી શક્યતાં છે. ટૂંક સમયમાં સામાન્ય ચૂંટણી યોજાવાની હોવાથી એક સાથે લિટરે ચાર-પાંચ રૂપિયાનો ભાવવધારો કરવો કેબિનેટ માટે મુશ્કેલ બનશે.

# સટ્ટામાંથી નફાની ૫૦ ટકા રકમ ડી-કંપનીને મોકલાતી હોવાનોખુલાસો

**મુંબઈ, તા. ૨૮**

સ્પોટફિકસિંગ મુદ્દે તપાસ કરી રહેલી દિલ્હી પોલીસ અને મુંબઈ ક્રાઈમબ્રાંચને એવી માહિતી મળી છે કે આઈપીએલ-૬ ફિકસિંગમાં અબજો રૂપિયાનો સટ્ટો રમાતો હતો અને આની પાછળ અન્ડરવર્લ્ડના ડોનનો હાથ હોવાનું માની રહી છે.

સટ્ટાના નફામાંથી ૫૦ ટકા જેટલી રકમ ડી-કંપનીના અનીસ ઈબ્રાહીમને મોકલવામાં આવતી હતી અને બાકીની રકમ ભારતમાં બુકીઓમાં વહેચણી કરવામાં આવતી હતી. દિલ્હી પોલીસ ધરપકડ કરેલ એક બુકીએ આ વાતનો ખુલાસો કર્યો હતો. ડી-કંપનીના ઈશારે ખેલાડીઓને રૂપિયા આપવામાં આવતા હતાં. પોલિસના જણાવ્યા મુજબ હૈદ્રાબાદના બુકી આમિરના ઈશારે દેશમાં સટ્ટાનો કારોબાર ચાલી રહ્યો છે. આમિરનો સુનિલ દુબઈ નામના બુકી સાથે સંબંધ છે અને સુનિલના સંબંધ સીધા ડી-કંપનીના ઈશારે સ્પોટ ફિકસિંગનો ખેલ રમાતો હતો. સુનિલ હવાલા મારફત આમિર સુધી પૈસા પહોંચાડતો હતો જયાંથી આમિર ક્રિકેટરો સુધી આ પૈસા પહોંચાડતો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ સુનિલ દુબઈનું ૨૦૦૭માં સટ્ટેબાજ તરીકે નામ આવ્યું હતું પરંતુ પોલીસ તેના સુધી પહોંચી શકી ન હતી. જો કે પકડાયેલ બુકીઓમાં અશ્વિન અગ્રવાલ, સુનિલ ભાટીયા અને યાહિયા આદિ બુકી આમિર માટે કામ કરી રહ્યાં હતાં. દેશમાં બુકીઓનું સૌથી મોટુ નેટવર્ક આમિર ચલાવી રહ્યો છે. પોલીસને આમિરની ઈ-મેઈલ આઈડી મળી છે જેના આધારે પોલીસ અન્ય જાણકારી મળવી રહી છે.

# દક્ષિણઝોન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બિનપરવાનગીના બાંધકામો / દબાણો સામે સખ્ત કાર્યવાહી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણઝોનના ડેપ્યુટી મ્યુનિ.કમિશ્નરશ્રી સી.આર.ખરસાણના માર્ગદર્શન હેઠળ, દક્ષિણઝોનના એસ્ટેટ / ટી.ડી.ઓ. ખાતા દ્વારા હાથ ધરાયેલ કાર્યવાહી અંતર્ગત.....

આજ તા.૨૮/૦૫/૨૦૧૩, મંગળવારના રોજ, દક્ષિણઝોનના એસ્ટેટ અને નગર વિકાસ ખાતા દ્વારા...

☐ખોખરા વોર્ડમાં ટી.પી.સ્કીમ નં.૨૫, ફા.પ્લોટ નં.૧૪ માં આવેલ ઉમીયાદેવી સોસાયટી, વિભાગ-૧ માં આવેલ, પાર્થ મ્યુનિસિપલ પાર્ટીપ્લોટની કમ્પાઉન્ડ વોલને અડીને બનાવી દીધેલ ગ્રાઉન્ડ ફ્લોર + ફર્સ્ટ ફ્લોર + સેકન્ડ ફ્લોરના આશરે ૧૯૦૦ચો.ફૂટ ક્ષેત્રફળ ધરાવતા તાજેતરમાં કરાવેલા રહેણાંક પ્રકારના બિનપરવાનગીના બાંધકામને વભમ મશીન તથા દબાણ ગાડીની મદદથી ખોખરા પોલિસ સ્ટેશનના ચૂસ્ત પોલિસ બંદોબસ્ત હેઠળ તોડવાની કામગીરી સવાર થી લઈને સાંજ સુધી ચાલુ રાખેલ છે. સદરહુ કામગીરીના ફોટોગ્રાફ આ સાથે સામેલ કરેલ છે.

આમ, આગામી દિવસોમાં પણ બિનપરવાનગીના બાંધકામો / દબાણો દૂર કરવાની કાર્યવાહી, ઝુંબેશ રૂપે સઘન બનાવી, કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર છે.

# જુની રંગભૂમિના નાટકોના પુનઃ નિર્માણ માટે રૂા.૨ લાખની આર્થિક સહાયની યોજના

*અમદાવાદ : મંગળવાર : ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા જુની રંગભૂમિના નાટકોના પુનઃનિર્માણ માટે આર્થિક સહાયની યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪માં સહાય આપવાની થાય છે. જે દિગ્દર્શકોએ ઓછામાં ઓછા પાંચ ફુલલેન્થ નાટકોનું દિગ્દર્શન કર્યું હોય તેવા પાત્રતા ધરાવતા દિગ્દર્શકો પાસેથી નિયત નમૂનાના અરજીપત્રકમાં અરજી મંગાવવામાં આવે છે. આ યોજના હેઠળ સહાય મેળવવા માટે, નાટ્ય દિગ્દર્શકો કે જેમણે ઓછામાં ઓછા પાંચ ફૂલલેન્થ નાટકનું દિગ્દર્શન કર્યું હોય તેવા દિગ્દર્શકો સહાય મેળવવા માટે પાત્ર ઠરશે. સહાય પેટે પ્રત્યેક દિગ્દર્શકને રૂા.૨ લાખની સહાય ચૂકવવામાં આવશે. દિગ્દર્શકેતેમના મંજૂર થયેલ નાટકના જુદા-જુદા દસ સ્થળે શો કરવાના રહેશે. નિયત નમુનાનું ફોર્મ અકાદમી કચેરીએથી મેળવી યોગ્ય રીતે ભરી, સાધનિક કાગળો સહ તા.૧૫-૬-૨૦૧૩ સુધીમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની કચેરી, બ્લોક નં.૯/૧ લો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને પહોંચાડવાનું રહેશે. નિયત અરજીપત્રક અકાદમીની વેબસાઈટ* www.sycd.in/yscac/san-forms *પરથી પણ મળી શકશે. વધુ વિગત માટે અકાદમીનો ફોન નં-(૦૭૯-૨૩૨૫૧૬૯૩, ૨૩૨૫૪૫૫૨) પર સંપર્ક કરવો તેમ સચિવ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવાયું છે.*

અનુસંધાન... પાના નં. ૨નું ચાલુ

## નકસલવાદનો

મળે છે. બહારની દુનિયામાં બીજા લોકો જે સગવડો ભોગવે છે એ બધી સગવડો આદિવાસીઓને મળે છે એટલે લોકોનો ઝાઝો અસંતોષ નથી ને અસંતોષ નથી એટલે તેમના હાથોમાં બંદૂકો પકડાવી શકાતી નથી. ગુજરાતમાં પણ ભિલિસ્તાનને નામે ને બીજી રીતે આદિવાસીઓને ભડકાવવાના પ્રયત્નો થયા જ છે પણ આદિવાસીઓ એ રવાડે ચડ્યા નથી કેમ કે તન ને મન બંનેને સુખ હોય ત્યારે અસંતોષ પેદા નથી થતો ને માણસની વિચારશક્તિ પણ સતેજ બનો છે. ઘેટાંના ટોળાંની જેમ કોઈના દોરવાયા દોરવાઈ જવાતું નથી. નક્સલવાદીઓ એટલે આતંકવાદીઓને જે રીતે આતંકવાદીઓને મારી મારીને સુવ્વર બનાવી દેવા જોઈએ એ રીતે નક્સલવાદીઓને પણ મારી મારીનો સુવ્વર બનાવી દેવા જોઈએ ને સાફ કરી દેવા જોઈએ એવું કોરસ આપણે ત્યાં વરસોથી ચાલે છે.આ કોરસ રાજકારણીઓ જ ચલાવે છે કેમ કે તેમની દાનત ખોરી છે. નક્સલવાદનો ડામવો હોય તો એ માનસિકતા બદલવી પડે. નક્સલવાદી એ આ દેશના જ લોકો છે પણ નક્સલવાદીઓ કરે છે એ ખોટું જ છે. હાથમાં બંદૂક પકડીને લોકોનાં ઢીમ ઢાળવાથી કશું બદલાવાનું નથી ને જે લોકો આ કામ કરે છે તેમાં નુકસાન તેમનું જ છે પણ આ બધું નહીં કરવાથી તેમને શો ફાયદો છે તેનો અહેસાસ તો કરાવવો પડે કે નહીં? એ અહેસાસ કરાવવાનું જે દિવસે શરૂ કરાવો એ દિવસથી નક્સલવાદ નાબુદ થવાની શરૂઆત થશે.

## હોલીડેઆઈક્યુ.કોમ

**ટકા ઉચ્ચ છે.**

**હોલીડેઆઈક્યુ.કોમના સીઈઓ અને સ્થાપક હરી નાયરે જણાવ્યું હતું કે હોલીડેઆઈક્યુ.કોમ ભારતીય પ્રવાસીઓનો અવાજનો પડઘો પાડવા અને તેમની પ્રાધાન્યતાઓ પિછાણવા બાબતે પ્રતિકાત્મક છે અને હોલીડેઆઈક્યુ.કોમ ઈનસાઈટ્સ ભારતીય પ્રવાસીઓના અસલ ફીડબેક પર આધારિત ભારતીય પર્યટનનાં વિવિધ પાસાં પરના અહેવાલોની શ્રેણી તરીકે સંકલ્પના કરાયું છે. અમદાવાદ સંબંધી સંશોધનનાં તારણો પર ભાર આપતાં હરીએ જણાવ્યું હતું કે અમદાવાદથી ૯૪ ટકા ઉનાળુ પ્રવાસીઓ ગુજરાતની બહાર પ્રવાસ કરવાનું પસંદ કરે છે. ફક્ત ઉનાળાના મોસમમાં જ આ જોવાયું છે, જ્યારે વર્ષના બાકીના સમયમાં પ્રવાસીઓ ૨૦૦- ૩૦૦ કિમી પરિઘની અંતર આવતાં સ્થળોને પ્રાધાન્ય આપે છે.**

# બીઆરટીએસને મહિને એંસી લાખની ખોટ

## મુસાફરોની સંખ્યા એક લાખ ચાલીસ હજારમાંથી ઘટીને એક લાખ વીસ હજારની થઈ

**અમદાવાદ, તા. ૨૮**

અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત બીઆરટીએસ માસિક એંસી લાખના ઓપરેટીંગ નુકશાનમા ચાલી રહી છે. જયારે બીઆરટીએસ દ્વારા એપ્રિલ માસમા વધારાયેલા ભાડાના દરના લીધે દરરોજના વીસ હજાર મુસાફરોનો ઘટાડો થયો છે.

અમદાવાદ શહેરમાં સઘન પરિવહન સેવા પાડવાના ઉદેશથી શરુ કરાયેલ બીઆરટીએસ પ્રોજેકટ ચાર વર્ષ પછી પણ ખોટ તરફ આગળ વધી રહયો છે. બીઆરટીએસ માસિક એંસી લાખના ઓપરેટીંગ નુકશાનમા ચાલી રહી છે. અમદાવાદ મહાનગરપાલિકાએ કેન્દ્ર સરકાર અને રાજય સરકારની સહાય સાથે રુપિયા ૮૦૦ કરોડથી પણ વધુનો ખર્ચ અત્યાર સુધી બીઆરટીએસ પાછળ કર્યો છે.વર્ષ ૨૦૦૯થી શરુ થયેલી બીઆરટીએસનું નુકસાન ડિસેમ્બર ૨૦૧૨ સુધી ૧૦ કરોડને આંબી ગયું છે. બીઆરટીએસનું હાલનું માસિક નુકશાન એંસી લાખ રુપિયાનું છે. જયારે મુસાફરોની સંખ્યા એક લાખ ચાલીસ હજારમાંથી ઘટીને એક લાખ વીસ હજારની થઈ છે. જેના પાછળ ગત માસે વધારાયેલા ભાડું તેમજ બસોના અયોગ્ય ફલીટીંગને જવાબદાર માનવામા આવે છે.

અમદાવાદ મહાનગર પાલિકાએ બીઆરટીએસ કોરિડોરના બીજા તબકકાનું કામ હાલ ચાલી રહયું છે.જેમા પણ શહેરના કોટ વિસ્તારના શરુ કરાયેલી સેવાના લીધે ટ્રાફિકની સમસ્યાઓમાં વધારો થયો છે.જો અમદાવાદ મહાનગરપાલિકા પ્રાૅજેકશન બીઆરટીએસ પર



લોકોનું ભારણ ધીરે ધીરે વધશે તેમ હતું.પરંતુ તાજા આંકડાઓ મુજબ બીઆરટીએસ તરફ દરરોજ મુસાફરી કરતા લોકોનું આકર્ષણ ઘટી રહયું છે. તેવા સમયે બીઆરટીએસના ત્રીજા તબક્કાનાં અમલ માટે મોટા પ્રશ્નો ઉભા થયા છે.

# વાસણા વોર્ડમાં સોરાઈનગર પાસે દબાણ દુર કરાયાં

વાસણા વોર્ડમાં સોરાઈનગર પાસે, મોજે શાહવાડીના રે.સર્વે નં. ૫૧૪/અ પૈકીમાં ગણેશનગર (ઈ.ડબ્લ્યુ.એસ. સ્કીમ) માં, ગુલબાઈ ટેકરાથી સ્કીમ રુઈએ અમલ કરી ટી.પી. રસ્તો ખુલ્લો કરાવેલ તે અસરગ્રસ્તોને શાહવાડી (ઈ.ડબ્લ્યુ.એસ.) ગણેશનગરમાં વસાવેલ હતા. તેઓ દ્વારા સદર સ્કીમમાં આવેલ ખુલ્લી જગ્યામાં ઓટલા, શેડ તથા અન્ય બાંધકામો કરીને દબાણ કરેલ હતું.

આજ રોજ પશ્ચિમઝોનના એસ્ટેટ અને નગર વિકાસ ખાતા દ્વારા સદર ગેરકાયદેસર બનેલ કાચા ૩૦-શેડ, ૨૦-ઓટલા, ૦૮-ગલ્લાઓનુ દબાણો તથા તેને અડીને આવેલ ટી.પી. રસ્તામાં ૧૦-ગલ્લાઓ તથા તેની બાજુમાં મ્યુનિ. પ્લોટમાં આશરે ૦૭-કાચા છાપરાઓનું દબાણ દુર કરેલ છે. સદર કામગીરીમાં વેજલપુર પોલીસનો બંદોબસ્ત મેળવી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

# કાંકરિયામાં સહેલાણીઓને અટવાવું નહી પડે

**અમદાવાદ, તા. ૨૮**

ભાજપ શાસિત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશોએ રૂપિયા ૩૬ કરોડથી વધુ રકમ ખર્ચીને કાંકરિયા લેકફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પૂર્ણ કર્યો છે. નવનિર્માણ પામેલું કાંકરિયા તળાવ ૪ જાન્યુઆરી, ૨૦૦૯થી સહેલાણીઓ માટે ખુલ્લુ મુકાયું છે જો કે સાઈનેજની ઉણપને કારણે સહેલાણીઓને નગીનાવાડી, બાલવાટિકા જેવા સ્થળો શોધવામાં ખાસ્સી મથામણ કરવી પડતી હોવાની દુવિધાને ધ્યાનમાં લઈને તંત્રએ હવે તળાવની ફરતે સાઈનેજ મારવાનો નિર્ણય લીધો છે.ચાર વર્ષ જેટલા ટૂંકા સમયગાળામાં ૪.૩૦ કરોડથી વધુ સહેલાણીઓએ કાંકરિયા લેકફ્રન્ટની મુલાકાત લીધી છે. જોકે દરરોજ તેરથી પંદર હજાર સહેલાણીઓ કાંકરિયા તળાવની મુલાકાતે આવતા હોઈ ચાર વર્ષ બાદ તંત્ર દ્વારા આ સહેલાણીઓ નગીનાવાડી, બાલવાટિકા, કિડસ સિટી વગેરે શોધવામાં અટવાય નહીં તે માટેનાં ચક્ર ગતિમાન કરાયાં છે. કાંકરિયા લેકફ્રન્ટ ડેવલપમેન્ટ અમદાવાદની ઓળખ સમાન બન્યું છે.અમદાવાદના મહેમાન બનનારાઓને કાંકરિયા તળાવની એકાદ વાર મુલાકાત લેવાનું અવશ્ય મન થાય



છે. જોકે અજાણ્યા સહેલાણીઓને નગીનાવાડી,કિડ્સ સિટી શોધવામાં ફાંફાં પડી જાય છે. કાંકરિયામાં 'એન્ટ્રી' લીધા બાદના જોવાલાયક સ્થળોની મુલાકાત લેવી એ અજાણ્યા સહેલાણીઓ માટે ક્વાયત બની જાય છે.

# નિકાસમાં છલાંગ લગાવવા ગુજરાત વિશેષ નીતિ ઘડશે

## ગુજરાત ટેક્સટાઈલ્સ, કૃષિ અને ડેરી ઉદ્યોગમાં વેલ્યુ એડેડ નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા પાંચ વર્ષની નિકાસ નીતિ વિચારી રહ્યું છે

**અમદાવાદ, તા. ૨૮**

ભારતની કુલ નિકાસમાં લગભગ ચોથા ભાગનો હિસ્સો ધરાવતુ ગુજરાત ટેક્સટાઈલ્સ, કૃષિ અને ડેરી ઉદ્યોગમાં વેલ્યુ એડેડ નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા પાંચ વર્ષની નિકાસ નીતિ વિચારી રહ્યું છે.

કેન્દ્ર સરકારે ઘટતી નિકાસને ઉત્તેજન આપવાના પગલાં લીધા બાદ ગુજરાત સરકાર પણ નિકાસલક્ષી બની રહી છે.

દેશમાં કોઈ પણ રાજ્યની વિશિષ્ટ નિકાસ નીતિ હોય તેવી આ પ્રથમ ઘટના હશે. દેશની કુલ નિકાસમાં ગુજરાત તેનો હિસ્સો ૨૫ ટકાથી વધારીને પાંચ વર્ષમાં ૩૦ ટકા કરવાની યોજના ધરાવે છે.

આ નીતિના ભાગરૂપે ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ્સ ઓર્ગેનાઈઝેશનને નિકાસ માટે ગુજરાતની સ્પર્ધાત્મકતા ચકાસવા અભ્યાસ કર્યો હતો અને નિકાસની ક્ષમતા હોય તેવા સેક્ટર પસંદ કર્યા હતાં.

રાજ્ય સરકારના એક અધિકારીએ જણાવ્યું હતું કે અમે રાજ્યમાંથી નિકાસ વધારવા પ્રયાસ કરી રહ્યાં છીએ. ૨૦૨૦ સુધીમાં ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો ૩૦ ટકા સુધી પહોંચશે. રાજ્ય સરકાર કેટલાક સેક્ટરને વેટમાં રાહત આપી શકે છે અને પ્રોડક્ટ સ્કીમ પર ધ્યાન કેન્દ્રિત કરશે જેથી ફ્રેઈટ ખર્ચ નીચો રહે. તે નિકાસની વધારે શક્યતા હોય તેવી પ્રોડક્ટને પ્રોત્સાહિત કરશે અને પસંદગીના આંતરરાષ્ટ્રીય બજારોમાં નિકાસ વધારવા પ્રયાસ કરશે.

અમેરિકા અને યુરોપિયન યુનિયનના અર્થતંત્રોમાં મંદીના કારણે ૨૦૧૨-૧૩માં ભારતની નિકાસ ૧.૭૬ ટકા ઘટીને ૩૦ કરોડ ડોલર થઈ હતી. ત્યારબાદ સરકારે વિદેશ વ્યાપાર નિતિમાં કેટલાક પ્રોત્સાહક પગલાંની જાહેરાત કરી હતી.

કેન્દ્ર સરકારની નીતિ ચોક્કસ ઉદ્યોગલક્ષી ન હોઈ શકે જ્યારે રાજ્ય સરકારો પોતાની જરૂરિયાત પ્રમાણે નીતિ બનાવી શકે છે. તેથી એકસાથે બન્ને પ્રકારની નીતિની જરૂર પડે છે તેમ જેએનયુના પ્રોફેસર મનોજ પંતે જણાવ્યું હતું.

ગુજરાતમાંથી લગભગ ૯૦ ટકાથી વધારે કપાસ અને અન્ય રાજ્યોમાં વેલ્યુ એડિશન માટે જાય છે તેથી ગુજરાતમાં જ રેડીમેડ ગાર્મેન્ટ્સ બને તેના પર ધ્યાને કેન્દ્રિત કરાશે. ગુજરાતના જીડીપીનો ૨૩ ટકા હિસ્સો ટેક્સટાઈલ અને સંબંધિત ઉદ્યોગોમાંથી આવે છે તેથી ગુજરાત આ સેક્ટરમાં વધારે વૃદ્ધિ કરવાની ક્ષમતા ધરાવે છે.

૨૦૧૧-૧૨માં ભારતની કુલ નિકાસમાં ગુજરાતે જેમ્સ અને જ્વેલરી સેક્ટરમાં ૭૦ ટકા, ફાર્માસ્યુટિકલ્સમાં ૩૦ ટકા, ટેક્સટાઈલ્સમાં ૨૦ ટકા, એન્જિનયિરંગમાં ૧૨ ટકા અને કેમિકલ્સમાં ૧૮ ટકા યોગદાન આપ્યું હતું.

એફઆઈઓના ડાયરેક્ટર જનરલ અને સીઈઓ અજય સહાયે જણાવ્યું હતું કે ગુજરાતે વેલ્યુ એડેડ માર્કેટમાં આગળ વધીને નિકાસમાં પોતાનો હિસ્સો વધારવા માટે પ્રયાસ કરવો જોઈએ. ગુજરાત ૪૧ નાના અને મધ્યમ કદના બંદર તથા ૫૫ સેઝ ધરાવે છે જે બાયોટેકનોલોજી, પાવર, હેન્ડીક્રાફ્ટ, જેમ્સ અને જ્વેલરી સેક્ટરમાં સક્રિય છે.

# ગુજરાત એસટીનાં ત્રણ યુનિયન પાંચમી જૂને હડતાલ કરશે

## ૫ જૂનથી ૨૪ કલાકની હડતાળ પાડશે. જેમાં એસ.ટી.નિગમના ૪૫ હજાર જેટલા કર્મચારીઓ જોડાશે

**અમદાવાદ, તા. ૨૮**

એસ.ટી. નિગમના ૩ યુનિયનોના ૪૫ હજાર જેટલા કર્મચારીઓએ આગામી તારીખ ૫ જૂન મધરાતથી ૨૪ કલાકની સામુહિક હડતાળ પાડવાની જાહેરાત કરી છે. જેમાં એસ.ટી. નિગમના કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નોના ઉકેલ માટે રાજ્ય સરકાર સમક્ષ માંગ ઉઠાવવામાં આવી છે.ગુજરાત એસ.ટી.ના ૩ યુનિયનો આગામી તારીખ ૫ જૂનથી ૨૪ કલાકની હડતાળ પાડશે. જેમાં એસ.ટી.નિગમના ૪૫ હજાર જેટલા કર્મચારીઓ



જોડાશે. નિગમ દ્વારા તેમના વિવિધ પડતર મુદ્દાઓ માટે સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવશે. જેમાંવિવિધ ૭ થી ૮ મુદ્દાઓનો સમાવેશ થતો હોવાનું કહેવામાં આવે છે. જેમાં કર્મચારીના વારસદારોને નોકરીએ લેવા, વિવિધ ભથ્થાના જૂના દરોમાં વધારો કરવો વગેરે મુદ્દાઓનો સમાવેશ થાય છે. પોતાના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે તેમજ રાજ્ય સરકારની નીતિ વિરૂદ્ધ એસ.ટી. ના વિવિધ યુનિયનોએ સંયુક્ત રીતે આ હડતાળનું આયોજન કર્યું છે. હડતાળને પગલે રાજ્યભરની ૮ હજારથી વધુ એસટી બસોના પૈડા થંભી જશે. જેના કારણે રોજબરોજ એસ. ટી. ની બસોમાં અવરજવર કરતાં મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડશે.

જુલાઈની મધરાતથી અમલી થનારી હડતાળનો મુખ્ય હેતુ રાજ્ય સરકારની કામદાર વિરોધી નિતીઓનો વિરોધ કરવાનો છે. ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા ડીઝલના ભાવમાં વધારો કરી સરકારી પરિવહનને ખાનગીકરણ તરફ દોરી જવાનો પ્રયાસ કર્યો છે. તેનો પણ પબ્લીક ટ્રાન્સપોર્ટ યુનિયનો વિરોધ કરશે. યુનિયનોની માગ ગમે તે હોય છેવટે સહન કરવાનું તો રોજબરોજ એસ.ટી.માં મુસાફરી કરતાં સામાન્ય માણસે જ આવશે.

# આઝમગઢથી નરેન્દ્રમોદી ઉત્તરપ્રદેશમાં પ્રવેશ કરશે

## નરેન્દ્ર મોદી રામપુરમાં ભાજપા મહાપંચાયતમાં ભાગ લેશે

**નવીદિલ્હી, તા. ૨૮**

ઉત્તર પ્રદેશનમાં નવા પ્રાણ ફૂંકવા માટે ભાજપે કમર કસી લીધી છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી રામપુરમાં ભાજપા મહાપંચાયતમાં ભાગ લઈ ઉત્તર પ્રદેશમાં એન્ટ્રી કરશે.આ મહાપંચાયતમાં નરેન્દ્ર મોદીની સાથે રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથ સિંહ પણ આવશે.

બીજી તરફ રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારી અમિત શાહ ૨૯ મેના રોજ રામપુરથી યૂપીમાં પોતાનો સાર્વજનિક કાર્યક્રમ કરી શકશે નહી. છત્તીસગઢમાં નક્સલી હુમલાને જોતાં ભાજપે પોતાનું જેલ ભરો આંદોલન સ્થગિત કરી દિધું છે.

ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મુખ્તાર નકવીએ જણાવ્યું હતું કે સાત થી નવ જૂન સુધી ગોવામાં ભાજપની રાષ્ટ્રીય કાર્યકારણીની બેઠક યોજાવવાની છે. કાર્યકારિણીની બેઠકમાં દેશભરમાં



આયોજીત થનાર કાર્યક્રમોની તારીખ નક્કી કરવામાં સાથે જ રામપુરમાં આયોજીત થનાર મહાપંચાયતની તારીખ પણ નક્કી કરવામાં આવશે.

# અંગારકી ચોથે રાજયનાં ગણેશ મંદિરોમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યુ

**અમદાવાદ, તા. ૨૮**

ભારતીય સંસ્કૃતિ મુજબ પ્રથમ પૂજનીય દેવતા શ્રીગણેશજીની આજે પ્રિય એવી અંગારકી ચોથ છે. આ સંકષ્ટી ચોથ તરીકે શ્રદ્ધાળુઓમાં ઓળખાય છે. આજની સંકટ ચતુર્થી નિમિત્તે ભદ્ર ખાતેના ઐતિહાસિક ગણેશજીના મંદિરે વહેલી સવારથી ભક્તોનાં ઘોડાપૂર ઊમટ્યાં છે. આસ્થાળુઓ વિનાયકને પોતાનાં સંકષ્ટો દૂર કરવા ભાવભક્તિથી પ્રાર્થના કરી રહ્યા છે.શિવ પાર્વતીના પુત્ર દુંદાળા દેવ ગણેશજીની પૂજાનું માહાત્મ્ય હવે મહારાષ્ટ્રની જેમ ગુજરાતમાં ખૂબ પ્રમાણમાં વધ્યું છે. ભાદરવાની ગણેશ ચતુર્થીથી અનંત ચતુર્દશી આ દશ દિવસોમાં અમદાવાદ સહિત રાજ્યભરમાં ગણેશ ભક્તિ પૂરબહારમાં ખીલી ઊઠે છે. ઠેરઠેર ઘરગથ્થું ગણપતિથી લઈને સાર્વજનિક ગણેશોત્સવની ધૂમ ધામ મચે છે.ગણેશજીને દર મહિને શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષમાં આવતી ચતુર્થી અતિ પ્રિય છે. શુક્લ પક્ષની ચતુર્થી શાસ્ત્રોક્ત પ્રમાણે વિનાયક ચતુર્થી કહેવાય છે તો કૃષ્ણ પક્ષમાં આવતી ચતુર્થી સંકટ ચતુર્થી તરીકે ઓળખાય છે. તેમાં પણ મંગળવારના યોગ સાથે આવતી કૃષ્ણ પક્ષની ચતુર્થી તો ભક્તજનોમાં અંગારકી ચોથ તરીકે ભક્તિનાં ઘોડાપૂર લાવનારી બને છે.મંગળવારની કૃષ્ણ પક્ષની ચતુર્થી હોઈ અંગારકી ચોથનો યોગ બનવાથી વહેલી સવારથી ભદ્રના ઐતિહાસિક મરાઠાકાલીન સમયના ગણપતિ બાપ્પાના મંદિરે ગણેશ ભક્તોની ભારે ભીડ જામી હતી. છેક એલિસબ્રિજના ખમાસા તરફના છેડા સુધી ભક્તો ગજાનનને પ્રસન્ન કરવા શ્રદ્ધા-



ભક્તિથી શિસ્તબદ્ધ રીતે કતારમાં ઊભા રહેલા નજરે પડતા હતા. ગણપતિની એક ઝલક મેળવી અને તેમની આગળ પોતાનાં કષ્ટો વર્ણવીને તેને દૂર કરવાની મનોમન પ્રાર્થના આ ભક્તો કરતા હતા. અનેક ભક્તો તો અંગારકી ચોથે અચૂક ગણપતિનાં દર્શન કરવાની બાધા લેનારા હોઈ તેઓ પણ ખૂબ ઉલ્લાસભેર મંગળમૂર્તિનાં દર્શનનો લાભ લેવા આતુર જણાતા હતા. સુખકર્તા અને દુ:ખહર્તાના ભક્તોની ભારે ભીડથી ટ્રાફિક વ્યવસ્થા પણ અસ્તવ્યસ્ત થઈ ગઈ હતી.

# ઈજનેરીમાં ડિપ્લોમાથી ડિગ્રી માટે એન્ટ્રન્સ ટેસ્ટ લેવાશે

**અમદાવાદ, તા. ૨૮**

ડિપ્લોમાં ઈજનેરીમાંથી ડિગ્રીમાં જવા માંગતા વિદ્યાર્થીઓ માટે ચાલુ વર્ષે એન્ટ્રેસ ટેસ્ટ લેવાની જાહેરાત કરવામાં આવી છે. ડિપ્લમોમાંથી ડિગ્રીમાં જવા માટે અંદાજે ૨૦૦૦૦ જેટલી બેઠકો માટે એન્ટ્રેસ ટેસ્ટ લેવાશે જેમણે ડિપ્લોમાં ઈજનેરી કર્યું હશે તેને ડિગ્રીમાં બીજા વર્ષમાં પ્રવેશ મળશે. આ માટે એન્ટ્રેસ ટેસ્ટ જુલાઈમાં લેવામાં આવશે. પ્રાપ્ત સુત્રો અનુસાર ડિપ્લોમાં ઈજનેરી કરેલા વિદ્યાર્થીઓને ડિગ્રીમાં જવા માટે ચાલુ વર્ષે પ્રથમ વખત જ એન્ટ્ર ટેસ્ટ લેવાની જાહેરાત કરવામાં આવી છે. આ પહેલા મેરિટના આધારે ડિપ્લોમાંથી ડિગ્રીમાં પ્રવેશ મળતો હતો. ઈજનેરીમાં ડિગ્રીની અંદાજે ૫૫૦૦૦ બેઠકો હાલમાં છે તેમાંથી ૨૦ ટકા બેઠકો ડિપ્લોમાંથી ડિગ્રી માટે અગાઉથી ફાળવી પડશે એટલે કે અંદાજી ૧૧૦૦૦ જેટલી બેઠકોમાં ડિપ્લોમાં ડિગ્રીમાં પ્રવેશ મળી શકશે સૂત્રો મુજબ પ્રથમ વખત જ ડિપ્લોમાં ઈજનેરી કર્યું હોય તેને ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે એન્ટ્રેસ ટેસ્ટ આપવી પડશે. આ ટેસ્ટ પાસ કરનારને ડિપ્લોમાંથી સીધા ડિગ્રીના બીજા વર્ષમાં પ્રવેશ મળશે.

સૂત્રો મુજબ ગયા વર્ષે ઈજનેરીમાં અંદાજે ૮૫૦૦ જેટલી બેઠકો ખાલી પડી હતી. નિયમ મુજબ જે બેઠકો ખાલી રહી યો તે બેઠકો બીજા વર્ષે ડિપ્લોમાંથી ડિગ્રીમાં આપી દેવામાં આવે છે. એટલે કે ગયા વર્ષ ૮૫૦૦ બેઠકો અને આ વર્ષે અંદાજે ૧૧૦૦૦ જેટલી બેઠકો મળીને લગભગ ૨૦૦૦૦ જેટલી બેઠકો માટે ડિપ્લોમાંથી ડિગ્રીમાં પ્રવેશ અપાશે. આ માટે પ્રથમ વખત લેવાનાર એન્ટ્રસ ટેસ્ટ જુલાઈ મહિનામાં લેવામાં આવશે.

# શહેરના હાર્દરૂપ એવા આશ્રમરોડ પર બી.આર.ટી.એસ. દોડાવવાની ભાજપની તઘલખી પ્રપોઝલ તાકીદે પડતી મુકો: બદરૂદ્દીન શેખ

## બહારગામથી આવતાં ખાનગી વાહનોઅને માલવાહક ટ્રકો વિ.ની. સંખ્યા જોતાં હયાત રસ્તા બી.આર.ટી.એસ.ને કારણે સાંકડા થતાં જાય છે જેને કારણે વારંવાર ટ્રાફિકજામ થવાનાં બનાવો સામાન્ય થઈ ગયા

**અમદાવાદ, તા. ૨૮**

અમદાવાદ શહેરને મેગાસીટીનો દરજ્જો આપ્યાં પછી કેન્દ્ર સરકાર તરફથી જે.એન.યુ.આર.એમ અંતર્ગત અમાદવાદ શહેરના વિકાસ અર્થે રૂ.૫૧૧૧.૦૦ કરોડનો સી.ડી.પી. પ્લાન મંજુર કરેલ તેના સંદર્ભમાં જુદા જુદા પ્રોજેકટ માટે ખુબ જ મોટા પ્રમાણમાં ગ્રાન્ટ ફાળવવામાં આવે છે ખાસ કરીને શહેરી આવાસ યોજના, બી.આર.ટી.એસ. બ્રિજ, સ્ટ્રોમ વોટર ડ્રેઈન અને હેલ્થ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તેના કરોડની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલ છે.

બી. આર. ટી. એસ.પ્રોજેક્ટના જુદા જુદા ફૈઝ માટે સમયાંતરે કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામાં આવી છે સાથે સાથે પરિવહન સેવા માટે ફીડર બસો પણ પુરી પાડવામાં આવી છે શરૂઆતના ફૈઝમાં કોરીડોર માટે જે તેની જગ્યાએ વિવાદાસ્પદ આઈડીયલ રોડ બિલ્ડર્સ ઈન્ફ્રા પ્રા.લીને. રૂ.૧૩૩ કરોડનું કામ ખુબ જ ઉંચા ભાવે આપવામાં આવેલ તે કામમાં બી.આર.ટી.એસ. કોરીડોરના તમામ રસ્તા રિ ક્રાન્ટ્રકશન કરવાની જગ્યાએ માત્ર રી સરફેસ કરીને કરોડો રૂ.નો ભ્રષ્ટાચાર કરવામાં આવેલ હતો તેવી જ રીતે બી.આર.ટી.એસ. કરોડોરના એક બસસ્ટેન્ડ બનાવવા પાછળ રૂ.૧.૦૦ કરોડ જેટલી મતબર રકમના ખર્ચ કરવામાં આવેલ તેમાં નાના રૂટમાં બસસ્ટેન્ડ બનાવીને વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત બનેં બાબતે પત્ર લખી વિગતવાર જાણ કરી હતી તેની તંત્ર દ્વારા ગંભીરતાપૂર્વક તપાસ થવી જોઈએ. હાલ અમદાવાદ શહેરમાં વાહનોની સંખ્યા ૬.૫૦ લાખ મોટરકાર, ૨૪.૦૦ લાખ ટુ વ્હીલર ૧.૧૫ લાખ ઓટોરીક્ષા, ૩૮૦૦ જેટલી લકઝરી બસો, ૩૦,૦૦૦ જેટલી માલવાહક ટ્રકો છે આ ઉપરાંત એ. એમ. ટી. એસ. બી.આર.ટી.એસ. તથા સ્ટેટ ટ્રાન્સર્પોટની બસો, બહારગામથી આવતાં ખાનગી વાહનોઅને માલવાહક ટ્રકો વિ.ની. સંખ્યા જોતાં હયાત રસ્તા બી.આર.ટી.એસ.ને કારણે સાંકડા થતાં જાય છે જેને કારણે વારંવાર ટ્રાફિકજામ થવાનાં બનાવો સામાન્ય થઈ ગયાં છે તેમાં ખાસ કરીને જુના અમાદવાદ શહેરમાંથી પસાર થતો બી.આર.ટી.એસ. રૂટ પાસેના રસ્તા પર લોકો કલાકો સુધી ટ્રાફિકમાં અટવાઈ જાય છે જેને કારણે પેટ્રોલ/ડીઝલ અને ગેસનો વ્યાય થવા પામે છે જેને લઈને એર પોલ્યુશનનું પ્રમાણ ચિંતાજનક હદે વધી જાય છે. જેથી લોકો ત્રાહીમામ પોકારી જાય છે હાલ વિવિધ વાહનની સંખ્યામાં દિન પ્રતિદિન જે પ્રમાણે વધારો થઈ રહ્યો છે તે જોતાં આવનારા પાંચ વર્ષ પછી અમદાવાદ શહેરમાં વાહનોની સંખ્યા ૧૦.૬૦ લાખ મોટરકાર, ૩૮.૬૦ લાખ ટુ-વ્હીલર, ૧.૭૦ લાખ ઓટોરીક્ષા, ૭૬૦૦ જેટલી લકઝરી બસો, ૬૦,૦૦૦ જેટલી માલવાહક ટ્રકો થવા પામશે આ ઉપરાંત એ. એમ. ટી. એસ. બી.આર.ટી.એસ. તથા સ્ટેટ ટ્રાન્સર્પોટની બસો, બહારગામથી આવતાં ખાનગી વાહનોઅને માલવાહક ટ્રકો વિ.ની.સંખ્યા જોતાં અને આગોતરા આયોજનનો સંદરત અભાવ જોતાં હયાત રસ્તા પર ટ્રાફિકની શહેરમાંથી પસાર થતો બી.આર.ટી.એસ. રૂટ પાસેના રસ્તાનો વિચાર કરતાં તે રોડ પરથી બી. આર. ટી. એસ. રૂટ દર કરવો તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તો નવાઈ નથી.

# પીએફમાં માત્ર બેઝીક નહીં, સંપૂર્ણ પગાર આવરી લેવાશે

**નવીદિલ્હી, તા. ૨૮**

સરકારી કર્મચારીઓએ વધુ બચત કરતા અટકી જવું પડે તેવી સ્થિતિ આગામી સમયમાં સર્જાઈ શકે છે. કર્મચારી ભવિષ્યનિધી સંગઠન (ઈપીએફઓ) વળતરની નવી વ્યાખ્યા જાહેર કરવા જઈ રહેલ છે જેમાં ભવિષ્યનિધીમાં કર્મચારીના તમામ ભથ્થાઓનો સમાવેશ થઈ જશે. આ પગલાંનો ઉધોગ જગતમાં ઉગ્ર લોબીંગ થઈ રહ્યું હતું.

અત્યાર માલીકો બેઝીક પગાર અને મોંઘવારી ભથ્થાના ૧૨ ટકાનું યોગદાન આપીને છુટી જાય છે. મોટા ભાગની કંપનીઓ આ ચૂકવણું પણ કરતી નથી હોતી. આથી બેઝીક સેલેરી સ્થિર રહે છે ત્યારે ઈન્ક્રીમેન્ટ વધતું જાય છે. પગાર વધારાને કારણે કર્મચારીઓના કર ચૂકવવાની જવાબદારી વધી જાય છે પરંતુ નિધિ પીએફ યોગદાન યથાવત રહે છે.પરિણામે ઈપીએફઓએ ફેરફારો જાહેર કર્યા હતા પરંતુ કર્મચારીઓના વિરોધથી તે પરિપત્ર પાછો ખેંચાયો હતો. આથી ટેક હોમ સેલેરી ઘટી જશે તેવી દલીલ થઈ હતી. હજુ પણ ઉધોગો આ પગલાંનો વિરોધ કરે છે પરંતુ ઈપીએફઓ મકકમ છે અને આ પ્રસ્તાવ ચકાસણી બાદ શ્રમ મંત્રાલયે મંજૂર કર્યો છે.

આ રિપોર્ટ હજુ શ્રમ મંત્રાલયમાંથી પસાર થઈ જાય તે સુનિશ્ચિત કરવા ઈપીએફઓ બોર્ડ પણ ચર્ચા કરી તેને મંજૂરી આપશે તેવું જણાય છે.ઔધોગિક ચેમ્બર્સ દ્વારા હજુ આ લડત પડતી મુકવામાં આવી નથી. સીઆઈઆઈએ શ્રમ મંત્રી મલ્લિકાર્જુન ખરગેને ચાર પાનાનો પત્ર પાઠવીને આ યોજના પડતી મુકવાના દલીલ કરી છે. આમાં અન્ય ઔધોગિક સંસ્થાઓ પણ જોડાય અને પગલાં સામે લોબીંગ કરવા તૈયાર થાય તેવી શક્યતા છે.આ મામલો સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે અને સીઆઈઆઈના અભિપ્રાય પ્રમાણે આથી કર્મચારી માટે રોકાણ વિકલ્પોની સંખ્યા ઘટી શકે છે. તેઓ મ્યુચ્યુઅલ ફંડ યોજનામાં રોકાણ ઘટી શકે છે અથવા શેર ખરીદી શકે છે. ભલે ટેક હોમ સેલેરીમાં ઘટાડો થઈ જાય.લોબી જૂથ સાત વર્ષથી વધુ સમય જુના કેસ રી-ઓપન ન કરવાના પ્રસ્તાવ સાથે સહમત છે અને તેથી પરેશાની ઓછી થશે તેવું માને છે. જો કે સરકારી સૂત્રો ઉધોગોના જૂથની દલીલોનો વિરોધ કરવા જણાવે છે કે ઈપીએફઓ સભ્યપદ લેવું માસિક ૬૫૦ કમાતા કર્મચારીઓ માટે ફરજિયાત છે. આથી વધુ સ્તરના માટે વિકલ્પ છે. જો કે વિકલ્પ આપવો કેટલાક માલિકો માટે મુશ્કેલ બને તેમ છે.

# ગુજરાત કોલેજ ફલાય ઓવરનું જુન માસમાં

**અમદાવાદ, તા. ૨૮**

શહેરમાં ગંભીર બની રહેલ ટ્રાફિક સમસ્યા હળવી થાય તેમ જ કચરા પેટી બની ગયેલ સાબરમતી નદીમાં ફરી નીર વહેવા લાગે તે મુદ્દે શહેર મેયર અને મ્યુનિસિપલ કમિશનરની ખાસ બેઠક યોજાઈ હતી. શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિક સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. ભદ્ર ફોર્ટ ડેવલપમેન્ટ અને ગુજરાત કોલેજ ફલાય ઓવરના કારણે વાહનચાલકોને પારાવાર મુશ્કેલી થઈ રહી છે.તદ ઉપરાંત મ્યુનિ. કોર્પોરેશનના ડ્રીમ પ્રોજેક્ટ સાબરહમતી રીવર ફ્રન્ટની પણ લોકાર્પણ બાદ ભારે અવદશા થઈ છે ડેમના દરવાજા રીપેર કરવા માટે નદીને ખાલી કરવામાં આવી છે. જેના કારણે નગરજનોએ તેને કચરાપેટી બનાવી છે. મ્યુનિ. કમિશનરે ૧૫ મેની આસપાસ નદીમાં પાણી છોડવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. જેના કારણે નદી સફાઈ ઝુંબેશ પણ સઘન બનાવી હતી, પરંતુ હજુ સુધી નદીમાં નીર આવ્યા નથી.ગુજરાત કોલેજ ફલાય ઓવરનું જૂન માસમાં લોકાર્પણ કરવા તથા જૂનના પ્રથમ સપ્તાહ દરમિયાન નદીમાં પાણી છોડવામાં આવશે તેવી ખાતરી કમિશનરે આપી હતી.

# અમદાવાદ રેલ્વે સ્ટેશને એસ્કેલેટર લગાવવાની કામગીરી શરૂ

**અમદાવાદ, તા. ૨૮**

અમદાવાદ રેલ્વે સ્ટેશન પર પ્રવાસીઓની સુવિધા માટે છ વર્ષ પહેલાં ૭૦ થી ૭૫ લાખના ખર્ચે મંજુર કરાયેલા એસ્કેલેટર્સ લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ૧૫મી જુલાઈ સુધીમાં બે કરોડના ખર્ચે પ્લેટફોર્મ નંબર ૧ પર કાલુપુર તરફના ફૂટઓવર બ્રિજ નજીક અપ-ડાઉન બંન્ને એસ્કેલેટર લગાવાશે જેથી રોજના ૪૦ હજાર મુસાફરોને લાભ થશે. રેલ્વેના ઉચ્ચ સુત્રો પાસેથી મળેલી માહીતી અનુસાર છ વર્ષ પહેલાં અમદાવાદ ડીવીઝનના તત્કાલિન ડીઆરએમ રાજીવ મિશ્રાના સમયમાં પ્રવાસીઓની સુવિધા માટે ૭૦ થી ૭૫ લાખના ખર્ચે અમદાવાદ રેલ્વે સ્ટેશન પર એસ્કેલેટર લગાવવાની જાહેરાત કરાઈ હતી. પરંતુ ત્યારબાદ કેટલાંક ટેકનીકલ કારણોસર તેમજ ફંડના અભાવે આ એસ્કેલેટર લગાવવાની યોજના સતત ખોરંભે પડતી રહી હતી. જો કે આ વર્ષે અમદાવાદ ડીવીઝનમાં વિકાસ કાર્યો માટે ફાળવાયેલા ફંડ પેટે રેલ્વે બોર્ડ દ્વારા એસ્કેલેટર માટે વિશેષ ફંડની ફાળવણી કરાતા અમદાવાદ રેલ્વે પ્રશાસન દ્વારા એસ્કેલેટર લગાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. જેને પગલે અમદાવાદ રેલ્વે સ્ટેશન પર પ્રવેશતા જ બહારની કાલુપુર સાઈડમાં આવેલા ફૂટ ઓવરબ્રિજ નજીક આ એસ્કેલેટર લગાવાવની કામગીરી શરૂ કરાઈ છે.

# શાળા પ્રવેશોત્સવ-૨૦૧૩માં સહભાગી બનવા શિક્ષણ મંત્રીશ્રીનું સમાજશ્રેષ્ઠીઓને આહ્વાન

અમદાવાદ : મંગળવાર : શાળા પ્રવેશોત્સવ અભિયાનના પરિણામે રાજ્યમાં સાક્ષરતા દરમાં વૃધ્ધિ અને ડ્રોપ આઉટ રેશિયોમાં ધરખમ ઘટાડા જેવા સુધારાત્મક પરિણામોથી પ્રોત્સાહિત થઈને આગામી શાળા પ્રવેશોત્સવ સમાજોત્સવ બની રહે તે માટે શિક્ષણ વિભાગે પ્રયાસો હાથ ધર્યા છે. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં આજે અમદાવાદ ખાતે રાજ્યની શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક, ઔદ્યોગિક સંસ્થાઓ ઉપરાંત શિક્ષણ સાથે સંકળાયેલા શિક્ષક સંઘો, આચાર્ય સંઘો અને યુનિવર્સિટીઓના કૂલપતિશ્રીઓની યોજાયેલી બેઠકમાં ઉપસ્થિત પ્રતિનિધિઓએ શાળા પ્રવેશોત્સવ-૨૦૧૩માં સહભાગી બની તમામ સહયોગની ખાતરી આપી હતી.

શાળા પ્રવેશોત્સવનું આયોજન રાજ્ય સરકાર કરતી આવી છે જેમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રીથી લઈને મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, મુખ્ય સચિવશ્રીથી લઈને જે તે વિભાગના અગ્ર સચિવ, સચિવશ્રીઓ, અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ વગેરે આ અભિયાનમાં જોડાતા આવ્યા છે, પરંતુ તેમાં સમાજની શકિત પણ સહભાગી બને તેવા હેતુથી આગામી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સહભાગી બને તેવા હેતુથી તેઓને સમગ્ર અભિયાનથી માહિતગાર કરી સહભાગી બનાવવા પ્રેરિત કરવા આજે આ બેઠકનું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે અગ્રસચિવ શ્રી તિવારી, શ્રીમતી સંગિતાસિંઘ, અગ્ર સચિવ, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી આર.પી. રાવલે શાળા પ્રવેશોત્સવ સંબંધી



વિગતો તેના પરિણામ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૩ના આયોજનની વિગતોથી સૌને માહિતગાર કર્યા હતા.

આ કાર્યક્રમમાં માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન શ્રી વરસાણી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી જગદિશ ભાવસાર, રાજ્યની શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક, ઔદ્યોગિક સંસ્થાઓ, યુનિવર્સિટીના કૂલપતિશ્રીઓ તથા આચાર્ય સંઘ, શિક્ષક સંઘના પ્રતિનિધિઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.